*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**



આપશ્રીનાં ચરણકમળની ભક્તિ અને આપશ્રીનું દાસત્વ નિરંતર હો.

## ❁ આત્મધર્મ ❁

(૪૧૬)




પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રી ચંપાબેનને મહાવીરનગર (મુંબઈ) માં અભિનંદન–પત્ર અર્પણ કરતાં પહેલાં શ્રી લાલચંદભાઈ મોદી અભિનંદન–પત્રનું વાંચન કરી રહ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી તે અભિનંદન–પત્ર અવલોકી રહ્યાં છે.

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૭




વીર સંવત
૨૫૦૪
A.D. 1978
JUNE

# શુદ્ધનયના ગ્રહણનું ફળ: મોક્ષ

આ ભરતક્ષેત્રના અદ્વિતીય જગતચક્ષુ સમાન શ્રી સમયસાર શાસ્ત્રની ૧૧ મી ગાથા જૈનદર્શનના પ્રાણ સમી છે. અનાદિ કાળથી આજ પર્યંત જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી તેની પ્રાપ્તિની વિધિ ને રીત ભગવત્ શ્રી કુંદકુંદદેવે અહીં વર્ણવી છે.

જેના ગ્રહણનું ફળ પરમાનંદની પ્રાપ્તિ સ્વરૂપ મોક્ષ છે એવા શુદ્ધનયને જીવે કદી ઉપાદેય કર્યો નથી ને એકલા વ્યવહારમાં મગ્ન રહ્યો છે તેથી અનુભૂતિ સ્વરૂપ આત્માની પ્રતીતિ થઈ નથી. વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક હોવા છતાં અને જિનવાણીમાં તેનો ઉપદેશ કર્યો હોવા છતાં વ્યવહારનય અવલંબન કરવા યોગ્ય નથી, પરંતુ વ્યવહારનય દ્વારા જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે એવો જે સકલનિરાવરણ–અખંડ–એકપ્રત્યક્ષપ્રતિભાસમય–અવિનશ્વર–શુદ્ધ–પારિણામિક–પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય છે તે એક જ અવલંબન કરવા યોગ્ય છે, તે એક જ ઉપાદેય છે અને જન્મ–મરણની બેડી તોડી નાખવાનો આ એક જ ઉપાય છે.

શ્રી સમયસાર ગાથા–૧૧, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી.
( મુંબઈ તા. ૨૮–૩–૭૮ થી ૧–૪–૭૮ )

જેને આત્મ–અનુભવની અત્યંત તાલાવેલી લાગી છે એવો જિજ્ઞાસુ શિષ્ય પ્રશ્ન કરે છે કે પ્રભુ! આપે ફરમાવ્યું કે જો તારે તારું હિત કરવું હોય તો વ્યવહારને અંગીકાર ન કરવો પણ પરમાર્થને અંગીકાર કરવો, પરંતુ વ્યવહાર તો પરમાર્થને કહેનારો છે તો તેને અંગીકાર કેમ ન કરવો? ભેદ વિના, વ્યવહાર વિના ભગવાનને બતાવી શકાતો નથી તો એ વ્યવહારને અંગીકાર કેમ ન કરવો? વ્યવહારથી આત્માને સમજાવતાં વ્યવહાર તો આવી ગયો અને છતાં આપ વ્યવહારને અંગીકાર કરવાની ના કહો છો તો પ્રભુ તેનો અર્થ શું છે?–એમ જેને અંદરમાં ધગશ ઉત્પન્ન થઈ છે એવા શિષ્યને ઉત્તરરૂપે આચાર્ય મહારાજ આ ગાથા કહે છે–

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

## વ્યવહારનય બધોય અભૂતાર્થ

સઘળો વ્યવહારનય અભૂતાર્થ છે. વ્યવહારનયના ચાર પ્રકાર છે–

૧. ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર = ખ્યાલમાં આવે તેવો રાગ.

૨. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર = ખ્યાલમાં આવતો નથી તેવો અબુદ્ધિપૂર્વકનો રાગ.

૩. ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર = જ્ઞાન પોતાનું હોવા છતાં પરને જાણે, રાગને જાણે તેમ કહેવું તે.

૪. અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર = જ્ઞાન તે આત્મા એમ ભેદ પાડવો તે.

એ ચારે પ્રકારનો વ્યવહારનય અભૂતાર્થ છે. ચારે પ્રકારના વ્યવહાર છે તે જૂઠા છે. વ્યવહારનય બધાયે અસત્ય છે, કેમકે અભેદની દ્રષ્ટિ કરતાં ભેદ તેમાં દેખાતો નથી તેથી ભેદ જૂઠો છે. રાગ થાય છે તે પણ જૂઠો છે. સાચો તો એક પૂર્ણાનંદનો નાથ છે. વ્યવહાર છે તે વસ્તુમાં જે નથી તેને વિદ્યમાન દેખાડે છે તેથી તે અભૂતાર્થ છે. અતીન્દ્રિય આનંદનો ગંજ એકરૂપ આત્મા છે, તેની દ્રષ્ટિ કરતાં અભેદમાં ભેદ દેખાતો નથી માટે ભેદ છે તે અભૂતાર્થ છે.

વ્યવહાર જૂઠો છે એટલે?–કે અભેદની દ્રષ્ટિ કરતાં ગુણ અને પર્યાયનો ભેદ દેખાતો નથી તેથી તે જૂઠો છે. ત્રિકાળી આનંદના નાથનો સ્વીકાર ન કરતાં એક સમયની પર્યાયનો સ્વીકાર કરવો તે જૂઠો છે. નય છે તે તો જ્ઞાનનો એક અંશ છે પણ તેનો જે વિષય છે તેને અહીં વ્યવહારનય કહ્યો છે.

વસ્તુમાં પર્યાયના ભેદ અંદરમાં નથી. ગુણ અને ગુણીનો ભેદ એમાં નથી. તેથી

તેને કહેનારો બધો વ્યવહાર અભૂતાર્થ છે. અભેદની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે સત્ય વસ્તુમાં અસત્ય નથી. એકરૂપ સ્વરૂપની દ્રષ્ટિ કરતાં તેમાં ભેદ છે નહીં. અભેદની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી. તેથી ભેદને ને પર્યાયને જૂઠો કહેવામાં આવે છે. ભેદ ને પર્યાય નથી તેમ નથી, તે છે ખરા પણ અભેદની દ્રષ્ટિમાં તે દેખાતા નથી તેથી તેને જૂઠા કહે છે.

અભેદની અપેક્ષાએ રાગના ભેદોને ને પર્યાયના ભેદોને અસત્યાર્થ કહ્યાં છે. નથી એટલે ? વેદાંતની જેમ નહીં હો! ત્રિકાળી સત્યાર્થની દ્રષ્ટિની અપેક્ષાએ ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય કહ્યું છે. ત્રિકાળીને મુખ્ય કરીને નિશ્ચય કહીને સત્ય કહ્યું છે. ત્રિકાળીમાં જે નથી એવા અર્થને વ્યવહાર પ્રગટ કરે છે તેથી તે અભૂતાર્થ છે. ત્રિકાળીમાં ભેદ નથી, પર્યાય નથી છતાં તેને વ્યવહારનય પ્રગટ કરતો હોવાથી તે અભૂતાર્થ છે.

વ્યવહારનય એક સમયની પર્યાયને બતાવે છે પણ ત્રિકાળીની અપેક્ષાએ તે જૂઠી છે. તેથી વ્યવહારનય જૂઠા અર્થને બતાવનારો હોવાથી અભૂતાર્થ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે અભેદમાં ભેદ નથી છતાં તેને વ્યવહારનય બતાવે છે તેથી તેને જૂઠો કહેવામાં આવે છે. વ્યવહારનય ત્રિકાળી જ્ઞાયકભાવને છોડીને જ્ઞાયકભાવમાં નથી એવા ભેદને, પર્યાયને આદિને પ્રગટ કરે છે માટે અભૂતાર્થ છે. પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહીને જૂઠો કહેવામાં આવ્યો છે.

## ❁ શુદ્ધનય એક જ ભૂતાર્થ ❁

શુદ્ધનય એક જ ભૂતાર્થ છે, ભૂત અર્થાત્ છે...છે...છે, શુદ્ધનય અથવા તો શુદ્ધનયનો વિષય એક જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. ત્રિકાળી પરમાનંદની મૂર્તિ પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મ દ્રવ્ય તે જ શુદ્ધનય છે, તે જ ભૂતાર્થ છે. જેમાં પર્યાયનો પણ અભાવ છે એવી ચીજને શુદ્ધનય પ્રગટ કરે છે. વ્યવહાર અસત્‌ને એટલે કે ત્રિકાળીમાં નથી તેને બતાવે છે માટે અભૂતાર્થ છે અને શુદ્ધનય પરમ વિદ્યમાન સત્ ત્રિકાળીને બતાવે છે માટે ભૂતાર્થ છે.

જે સકલ નિરાવરણ પ્રત્યક્ષપ્રતિભાસમય વસ્તુ છે તેને શુદ્ધનય પ્રગટ કરે છે માટે તે ભૂતાર્થ છે. વ્યવહારનય છે તે પર્યાયને બતાવે છે, પર્યાય છે ખરી, નથી એમ નથી, પણ તે નાશવાન હોવાથી, ત્રિકાળીમાં ન હોવાથી તેને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય કહી છે.

## ❁ સુગમ દ્રષ્ટાંત ગહન સિદ્ધાંત ❁

આ વાત દ્રષ્ટાંતમાંથી કહે છેઃ–

જેમ પાણીના દળમાં કાદવના નિમિત્તે પર્યાયમાં મલિનતા છે. પ્રબળ કાદવના

મળવાથી પાણીનો નિર્મળભાવ તિરોભૂત થઈ ગયો છે. એટલે? જળનો નિર્મળભાવ કોઈ દિ' તિરોભૂત થતો નથી પણ તેની મલિનતાને દેખવામાં નિર્મળભાવ દ્રષ્ટિમાં આવતો નથી. ખરેખર પાણીનો નિર્મળભાવ ત્રિકાળ છે તે મલિન થતો નથી પણ પર્યાયમાં જે મલિનતા છે તેને દેખવાથી નિર્મળભાવ દેખાતો નથી માટે તેનો નિર્મળભાવ આચ્છાદિત થઈ ગયો છે. પાણીના નિર્મળભાવમાં આવરણ નથી પણ મલિન પર્યાયને લીધે નિર્મળભાવ જોઈ શકાતો નથી તે અપેક્ષાએ નિર્મળભાવ આચ્છાદિત થઈ ગયો છે એમ કહ્યું છે. તેથી એવા જળનો અનુભવ કરનારા પુરુષોમાંથી ઘણાં પુરુષો જે મલિનતા ને નિર્મળતાનો વિવેક કરતા નથી તેઓ પાણીને મલિન જ અનુભવે છે. પરંતુ કેટલાક પુરુષો પોતાના હાથથી નિર્મળી ઔષધિ નાખીને પાણીની નિર્મળતા પ્રગટ કરે છે. કેટલાક પુરુષો પોતાના હાથથી નિર્મળી ઔષધિ નાખે છે, નોકરને કહે છે તેમ નથી કહ્યું હો!–એ રીતે પોતાના હાથથી નિર્મળી ઔષધિ પાણીમાં નાખતાં જ જળ અને કાદવની ભિન્નતા થતાં તે પુરુષો પોતાના પુરુષાર્થથી જળનો નિર્મળભાવ અવિર્ભૂત કરીને, જળને નિર્મળ જ અનુભવે છે. એ રીતે લૌકિક ડાહ્યા પુરુષો નિર્મળી ઔષધિ નાખીને જળને નિર્મળ જ અનુભવે છે.

તેવી રીતે પર્યાયમાં અશુદ્ધ ઉપાદાનથી રાગના મળવાથી એટલે કે પ્રબળ રાગના મળવાથી ને પ્રબળ કર્મ તરફના લક્ષથી તેને જ્ઞાયકભાવ નજરમાં આવતો નથી, તેથી તેને જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે. જેને દયા–દાન–વ્રત–ભક્તિના જ પરિણામ ભાસે છે, જેની રુચિમાં રાગ જ ભાસે તેને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. જ્ઞાયકભાવ તો પ્રગટ જ છે પણ રાગની રુચિવાળાને રાગના દેખાવા આડે જ્ઞાયકભાવ દેખાતો નથી માટે જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે. જે સકળ નિરાવરણ વસ્તુ છે તે તો તિરોભૂત કે અવિર્ભૂત થતી જ નથી.

રાગના રસિકને વસ્તુ નજરમાં આવતી નથી તેથી તેને જ્ઞાયકભાવ–વસ્તુ ઢંકાઈ ગઈ છે. જેમ ધૂમાડાના ગોટા આડે ચૂલા ઉપર લાપસીનું તપેલું દેખાતું નથી તેમ પુણ્ય–પાપના ધૂમાડાના પ્રેમની આડમાં જ્ઞાયકભાવ દેખાતો નથી. પર્યાયબુદ્ધિવાળાને રાગનો રસ છે, રુચિ છે તેથી તેને અંદર જે વીતરાગમૂર્તિ સકળ–નિરાવરણ છે તે ઢંકાઈ ગયો છે. પ્રબળ કર્મના મળવાથી જ્ઞાયકભાવ તિરોભૂત થયો છે, એટલે? જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ જ છે, તે તિરોભૂત થતો નથી પણ પ્રબળ રાગના મળવાથી એટલે કે રાગની રુચિના પ્રેમને લઈને તેને જ્ઞાયકભાવ દેખાતો નથી તેથી તિરોભૂત થઈ ગયો છે તેમ કહ્યું છે.

દયા–દાન આદિના રાગની રુચિવાળાને પરમભાવ–જ્ઞાયકભાવ હેયપણે વર્તે છે. જેને રાગ ઉપાદેયપણે વર્તે છે તેને ત્રિકાળી જ્ઞાયકભાવ હેયપણે વર્તે છે એમ શ્રી પરમાત્મપ્રકાશમાં કહ્યું છે. અહીં તિરોભૂત થયો છે એમ કહ્યું છે. છતી ચીજ છે તેને અછતી

કરી છે ને અછતી ચીજ છે તેને અજ્ઞાનીએ છતી કરીને માની છે. જે ત્રિકાળી નિરાવરણ જ્ઞાયકવસ્તુ છે તે છતી ચીજ છે તેને અજ્ઞાનીએ અછતી કરી છે તેથી તેને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે એમ જણાય છે.

પુણ્ય–પાપની વૃત્તિ છે તેને અનાદિથી અનુભવનારા અજ્ઞાનીને રાગ સમીપ થઈ ગયો છે ને જ્ઞાયકભાવ દૂર થઈ ગયો છે. ત્રિકાળી ચિદાનંદ ભગવાન છે તે ત્રિકાળી સહજ એક જ્ઞાયકભાવ છે તે શુભાશુભને અનુભવવાથી ઢંકાઈ ગયો છે. અજ્ઞાનીને શુભ–અશુભ ભાવના પ્રેમમાં, તેના અનુભવમાં સહજ જ્ઞાયક પ્રભુ દૂર થઈ ગયો છે. શુભભાવના રસિયાઓને ચૈતન્યજ્ઞાયકપ્રભુ દેખાતો નથી.

પર્યાયમાં જે રાગ થાય છે તેને આત્મા તરીકે અનુભવનારાઓને આત્મા તિરોભૂત થઈ ગયો છે. રાગના સંબંધમાં રાગની રુચિમાં પડયો છે તેને જ્ઞાયકભાવ એકરૂપ ભાવ નજરે પડતો નથી, તેથી તેને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. ૮૪ લાખ યોનિની એક એક યોનિમાં અનંતવાર ઉપજ્યો છે, કેમ ?–કે તેણે રાગને પોતાનો માન્યો છે. સ્વ–પરપ્રકાશક જ્ઞાયક આત્મા અને વિકલ્પની ક્રિયા એ બેને ભિન્ન નહીં કરનારાઓને એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો હોવાથી ૮૪ લાખ યોનિમાં રખડે છે.

આનંદનો ઘન પ્રભુ ને રાગ વચ્ચે સંધિ છે, નિઃસંધિ થયા જ નથી, કેમકે ચૈતન્ય આનંદનો પ્રભુ જ્ઞાયકતત્ત્વ અને શુભાશુભરાગ એ બે ભિન્ન ભિન્ન તત્ત્વો છે. એ બે એક નથી છતાં આત્મા અને કર્મનો એટલે કે આત્મા અને રાગનો વિવેક નહીં કરનારા–ભિન્ન નહીં પાડનારા શુભભાવમાં વિમોહિત થઈ ગયા છે. રાગની સન્મુખ પડેલાની સાવધાની રાગમાં પડી છે.

જ્ઞાયકભાવને ને રાગને જુદા ન પાડનારા જીવો વ્યવહારથી વિમોહિત થયા છે એટલે કે શુભરાગ કરતાં કરતાં મને લાભ થશે, શુભોપયોગ તે સાધન છે ને શુદ્ધોપયોગ તે સાધ્ય છે એમ માનનારા રાગમાં લાભ માનતા હોવાથી, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ આત્માને ને રાગને એક માને છે. ચૈતન્યના સ્વભાવને ભૂલી જઈને રાગના કર્તૃત્વમાં દોરાઈ જવાથી રાગથી વિમોહિત થયેલાઓ, પર્યાયમાં જે અનેકરૂપ –વિશ્વરૂપ ભાવો પ્રગટ છે તે રૂપે આત્માને અનુભવે છે.

પ્રભુ ! તું રાગમાં વિમોહિત થઈને પર્યાયમાં અનેકપણારૂપ ભાવો પ્રગટ છે તે રૂપ તને અનુભવી રહ્યો છે ને જેમાં અનંત અનંત શક્તિઓ અનંત સામર્થ્યવાળી છે એવા પ્રભુની સામે જોતો નથી. જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ તો એકરૂપ છે પણ તેને ભૂલીને, પ્રગટ પર્યાયમાં જે શુભાશુભભાવ છે તેને તું અનુભવી રહ્યો છે માટે રખડવું મટતું નથી.

જ્ઞાયકભાવ હોવા છતાં નજરમાં આવ્યો નથી ને રાગ ઉપર દ્રષ્ટિ હોવાથી પર્યાયમાં જે વિશ્વરૂપપણું–અનેકપણું પ્રગટ છે તેને અજ્ઞાનીઓ અનુભવે છે. વ્યવહારના વિમોહિત જીવો પર્યાયમાં જે અનેકપણારૂપ ભાવો છે તેને પોતારૂપ અનુભવે છે. એકરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવ હોવા છતાં પર્યાયમાં જે અનેકપણું પ્રગટ છે તેને અજ્ઞાનીઓ અનુભવે છે. એકરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવ હોવા છતાં પર્યાયમાં અનેકપણું પ્રગટ છે તેને જે અનુભવે છે તે મિથ્યાદ્રષ્ટિ સંસારી છે.

હવે સમ્યગ્દ્રષ્ટિની વાત કહે છેઃ–

ભૂતાર્થદર્શીઓને એટલે કે સત્ મૌજૂદ એકરૂપ ધ્રુવ પદાર્થ છે તેને દેખનારાઓને ધર્મી કહે છે. એ ભૂતાર્થદર્શીઓને પોતાની બુદ્ધિથી એટલે કે દેશનાલબ્ધિથી કે વિકારસ્વરૂપે ખીલેલી જ્ઞાનની દશાથી નહીં પણ સ્વના અવલંબને થયેલી જ્ઞાનની દશાથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી આત્મા ને રાગની ભિન્નતા થઈ જાય છે. જ્યાં જ્ઞાનની ખાણ છે એવા ચૈતન્યમૂર્તિ ભગવાનને અનુસારે થયેલા બોધમાત્રથી આત્મા ને રાગનો વિવેક થઈ જાય છે, ભિન્નતા થઈ જાય છે.

આત્મા ને રાગની ભિન્નતામાં પોતાનો પુરુષાર્થ છે. રાગનો પુરુષાર્થ કે પુણ્યનો પુરુષાર્થ નથી પણ પોતાના વીર્યનો પુરુષાર્થ છે. કર્મ માર્ગ આપે તો ધર્મ થાય છે તેમ નથી. પોતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકભાવ આવિર્ભૂત કરવામાં આવે છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે પણ તેની પ્રતીતિમાં ન હતો તે હવે પ્રતીતિમાં આવ્યો તેથી આવિર્ભૂત કરવામાં આવ્યો તેમ કહ્યું છે. જ્ઞાયકપણે પ્રભુ જણાતો ન હતો ને રાગપણે જણાતો હતો તે હવે પુરુષાર્થ દ્વારા જ્ઞાયકપણે જણાયો તેથી જ્ઞાયકભાવ આવિર્ભૂત થયો કે જે સહજ એક છે. પર્યાયમાં જ્ઞાયકભાવ આવતો નથી પણ પર્યાયમાં જ્ઞાયકભાવ જણાય છે.

જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ ભૂતાર્થદર્શીઓ છે, પણ શાસ્ત્રને દેખનારા કે એક સમયની પર્યાયને દેખનારાઓ ભૂતાર્થદર્શી છે–એમ કહ્યું નથી. પૂર્ણાનંદના નાથ પ્રભુને પોતાની બુદ્ધિથી એટલે કે સ્વ ચૈતન્ય તરફ વળેલી જ્ઞાનદશારૂપ મતિજ્ઞાનવડે ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે ને રાગ આકૂળતા સ્વરૂપ છે એમ બેનો વિવેક કરીને–ભેદવિજ્ઞાન કરીને અંતરના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકને આવિર્ભૂત કરીને આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. નિમિત્તના લઇને નહીં પણ પોતાના પુરુષાર્થને લઇને જ્ઞાયકભાવને આવિર્ભૂત કર્યો છે. જ્ઞાયકભાવ એ તો છે તે છે, પણ રાગથી ભિન્ન પડીને પર્યાયમાં પ્રગટ કર્યો તેથી આવિર્ભૂત કર્યો છે એમ કહ્યું છે.

રાગથી ભિન્ન પડીને ચૈતન્ય ચૈતન્ય એક જ્ઞાયકભાવ જેમાં પ્રકાશમાન છે એવા

આત્માને અનુભવે છે તેને સમ્યગ્દર્શન કહેવાય છે. જેમાં એક ત્રિકાળ ચૈતન્યભાવ જ્ઞાયકભાવ પ્રકાશમાન છે તેમાં, રાગથી ભિન્ન પડીને દ્રષ્ટિ પડી ત્યારે આત્માને એક જ્ઞાયકપણે અનુભવે તેને સમ્યગ્દ્રષ્ટિ કહેવાય છે. જે નજર પરમાં ને પામરતામાં હતી તે ત્યાં રહી ને પછીની નજર જ્ઞાયક પ્રકાશની મૂર્તિ પ્રભુ પર ગઈ ત્યારે આત્માને જ્ઞાયકભાવે અનુભવે છે તે સમ્યગ્દર્શન છે.

અહીં શુદ્ધનય કતકફળના સ્થાને છે એટલે કે પાણી ને મેલ ભેગા થયા હોય તેમાં કતકફળ નાખતાં બે જુદા પડી જાય છે. તેમ શુદ્ધનય આત્મા અને રાગ બેને જુદા પાડે છે. તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે એટલે કે ત્રિકાળી નિત્યાનંદનો આશ્રય કરે છે તેઓ સમ્યગ્દ્રષ્ટિ છે. અહીં શુદ્ધનયનો વિષય ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ છે એમ શુદ્ધનય ને તેનો વિષય બેને જુદા ન પાડતાં વિષયને જ શુદ્ધનય કહ્યો છે. શુદ્ધનયનો આશ્રય કરનારા સમ્યક્ અવલોકન કરનારા હોવાથી સમ્યગ્દ્રષ્ટિ છે.

જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે એટલે કે સચ્ચિદાનંદ પ્રભુમાં વર્તમાન જ્ઞાનની પર્યાયને વાળે છે તેને સમ્યગ્દ્રષ્ટિ કહે છે. કેમકે તેઓ જ સમ્યક્ અવલોકન કરે છે. સ્વરૂપની દ્રષ્ટિ થતાં તેને દ્રવ્યનો અનુભવ થાય છે–એટલે ? દ્રવ્ય વેદનમાં ન આવે પણ દ્રવ્યના આશ્રયે–લક્ષે થયેલી પર્યાય વેદનમાં આવે છે, તે પર્યાય દ્રવ્યને અવલોકે છે પણ અનુભવાય છે અવલોકન કરતી પર્યાય. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ધ્રુવનું જેટલું સામર્થ્ય છે તે જણાય પણ ધ્રુવનું સામર્થ્ય પર્યાયમાં આવે નહીં. શુદ્ધનયનો આશ્રય કરનારી પર્યાય છે. ખરેખર તો ધ્રુવ આશ્રય આપે છે તેમ નથી પણ પર્યાય ધ્રુવ તરફ ઝૂકે છે તેથી ધ્રુવનો આશ્રય કર્યો એમ કહેવાય છે. જ્ઞાનની વર્તમાન દશા સ્વરૂપની સન્મુખ થઈને સ્વરૂપને અવલોકે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે, તે ધર્મની પ્રથમ સીડી છે.

શુદ્ધનયનો આશ્રય કરીને સ્વરૂપને અવલોકે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે પણ બીજા નથી એટલે કે જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તે સમ્યગ્દ્રષ્ટિ નથી. સર્વથા શબ્દ કેમ વાપર્યો ?–કે સમ્યગ્દ્રષ્ટિને કથંચિત્ અશુદ્ધનયનો આશ્રય એટલે કે સમ્યગ્દ્રષ્ટિને ત્રિકાળીનો આશ્રય છે ને પર્યાયનું જ્ઞાન છે, પરંતુ મિથ્યાદ્રષ્ટિને ત્રિકાળીનો આશ્રય નથી ને પર્યાયનો સર્વથા આશ્રય છે. પર્યાય છે, રાગાદિ છે પણ તે જાણવા લાયક છે, આશ્રય કરવા લાયક નથી. આશ્રય કરવા લાયક તો ત્રિકાળી એક જ્ઞાયકભાવ જ છે, માટે વ્યવહારનય અનુસરવા લાયક નથી એમ શિષ્યના પ્રશ્નનો ઉત્તર કહ્યો.

## ❁ જિનવાણી સાંભળવા માટેની પ્રથમમાં પ્રથમ પાત્રતા શું ? ❁

આ સાંભળવામાં પહેલી પાત્રતા જોઈએ. પુરુષાર્થસિદ્ધિ–ગાથા ૭૪ માં કહ્યું છે કે

જિનવાણી સાંભળવાની પાત્રતામાં ત્રસનો ખોરાક ન હોય. મધ, મદીરા, બે ઘડી પછીનું માખણ, માંસ તથા પાંચ ઉદંબર ફળનો ખોરાક ન હોય. એવો ખોરાક હોય તે તો આ વાત સાંભળવાને પણ પાત્ર નથી. ખરેખર તો રાત્રિ ભોજનમાં પણ ત્રસ હોય છે. ત્રસનો ખોરાક આ સાંભળનારને ન હોય ભાઈ! રાત્રિનો ખોરાક પણ હોય નહીં ભાઈ! જેમાં ત્રસ મરે એવો માંસ જેવો ખોરાક આવું સાંભળનારને ન હોય. ભાઈ! આ તત્ત્વને સાંભળવાને તું લાયક હોય તો ભાઈ! જેમાં ત્રસની ઉત્પત્તિ હોય તે ખોરાક ન હોય. ત્રસ ઉત્પન્ન થાય એવા અથાણા આદિ પણ ન હોય.

જેને ઇન્દ્રો સાંભળે એવી પરમાત્માની આવી ઉત્કૃષ્ટ વાણી સાંભળનારને ત્રસની ઉત્પત્તિનો ખોરાક ન હોય. વાતો મોટી મોટી કરે ને ત્રસનો ખોરાક હોય અરેરે! ભલે તે ધર્મ નથી, તે હેય છે, પણ આ સાંભળનારને ત્રસનો ખોરાક ન હોય; એ પહેલામાં પહેલી પાત્રતા છે તેમ પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગાથા ૬૧ તથા ૭૪ માં કહ્યું છે.

અહીં ચાલતા વિષયમાં કહ્યું છે કે વ્યવહારનયનો વિષય જૂઠો છે તેથી વ્યવહારનય જૂઠો છે એમ અહીં કહ્યું છે. ત્રિકાળીને મુખ્ય કરીને નિશ્ચય કહીને એ જ સત્ય છે તેમ કહ્યું છે ને વ્યવહારને ગૌણ કરીને એ અસત્ય છે તેમ કહ્યું છે. કેમ કે ત્રિકાળીની દ્રષ્ટિ કરાવવી છે. આત્મામાં ગુણભેદ છે તે વ્યવહારનયનો વિષય છે, તે જૂઠો છે. એક સમયની પર્યાય પણ કાયમી નથી ને તે આશ્રય કરવા લાયક નથી, માટે જૂઠી છે.

વ્યવહારનયને જૂઠો કહ્યો છે, વ્યવહારનયનો વિષય દયા–દાન આદિના ભાવ, પર્યાય, ગુણ–ગુણીના ભેદ છે તેને અહીં જૂઠો કહ્યો છે. ખરેખર તો જેનો વિષય વિદ્યમાન ન હોય તેને અભૂતાર્થ કહેવાય. અહીં વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એ છે કે શુદ્ધનયનો વિષય છે...છે...છે...એવો ત્રિકાળી અભેદ એકાકાર ને નિત્ય દ્રવ્ય છે, તેને દેખતાં દ્રષ્ટિમાં વ્યવહારનયના વિષયભૂત જે ભેદો છે તે દેખાતાં નથી માટે દ્રષ્ટિમાં વ્યવહારનયનો વિષય અવિદ્યમાન હોવાથી તે અભૂતાર્થ છે.

શુદ્ધનયના વિષયભૂત અભેદ એકરૂપ ને નિત્ય એવા દ્રવ્યની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે ભેદ છે તે અસત્યાર્થ છે. સમ્યગ્દર્શનનો વિષય કહો કે શુદ્ધનય કહો તે અભેદ છે, એકાકાર છે એટલે કે અભેદમાં ભેદના આકારો નથી પણ એક આકારરૂપ નિત્ય છે, એને દેખતાં તેની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે ભેદ અવિદ્યમાન હોવાથી અસત્યાર્થ કહ્યો છે.

ભેદ નથી એમ નહીં, અંદર અનંતગુણ છે પણ અભેદને દેખવામાં ભેદ દેખાતો નથી. શુદ્ધનયનો વિષય જે અભેદ એકાકાર નિત્ય દ્રવ્ય છે તેને દેખે છે ત્યાં અભેદની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે ભેદ જૂઠો છે તેમ કહ્યું છે. ભાઈ! આવી વાતો સાંભળવા માટે હમણા કહ્યું તેમ થોડી પાત્રતા જોઈએ બાપુ!

પર્યાય વિષય કરે છે દ્રવ્યને, પણ દ્રવ્યના ધ્યેયમાં પર્યાય આવતી નથી. અભેદની અંતરદ્રષ્ટિ કરતાં ભેદ દેખાતો નથી માટે ભેદને ને પર્યાયને નથી તેમ કહેવામાં આવે છે. આ અપેક્ષાએ નથી, નથી જ એમ નથી. જેમ પહેલાના જમાનામાં શાહુકાર ખોટો રૂપિયો ચાલવા ન દેતાં, ઉંબરમાં જડી દેતાં, તેમ ભગવાન કહે છે કે અભેદની દ્રષ્ટિમાં પર્યાયને ને ભેદને અમે ચાલવા નહીં દઈએ.

ભેદને અસત્યાર્થ જ કહેવો જોઈએ, શી રીતે?–કે અભેદની દ્રષ્ટિમાં ભેદ દેખાય નહીં તેથી અસત્યાર્થ કહેવો જોઈએ પરંતુ તેથી પર્યાય છે જ નહીં તેમ નથી. મોક્ષ અને મોક્ષમાર્ગ તો પર્યાય છે. નિત્ય એકરૂપ દ્રવ્યની દ્રષ્ટિ કરતાં દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે દ્રષ્ટિમાં ભેદ અવિદ્યમાન હોવાથી જૂઠો છે. પરંતુ ભેદ નથી એમ ન સમજવું. ત્રિકાળીને અભેદ દ્રષ્ટિથી દેખતાં તેની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે ભેદ ને પર્યાય તે જૂઠા છે. પરંતુ પર્યાય ને ભેદ છે જ નહીં એમ ન સમજવું કેમ કે ત્રિકાળી તો કૂટસ્થ છે, કાર્ય પર્યાયમાં છે, નિર્ણય કરનારી તો વર્તમાન પર્યાય છે. આ વાતમાં પુનરુક્તિ દોષ ન લાગે હો!

અનંત ગુણનો ધરનાર ગુણી છે પણ તેની દ્રષ્ટિ કરતાં ભેદ દેખાતો નથી માટે ભેદ અસત્યાર્થ છે. પરંતુ એકાંત એમ માનશે કે ભેદ ને પર્યાય નથી તો તે મિથ્યાદ્રષ્ટિ છે. જો ભેદને ને પર્યાયને સર્વથા નથી એમ માને તો વેદાંતમતવાળા જેવું થઈ જાય. એક મત એવો છે કે આ બધુ અનેકપણું દેખાય છે તે માયા છે. તેઓ એમ માને છે કે અનિત્યપણું છે તે આત્મામાં નથી, અનુભવ છે તેને તેઓ માનતા નથી. તેથી કહે છે કે પર્યાયને, રાગાદિને ન માનતાં પર્યાય અવસ્તુ થઈ જશે. એક આત્મામાં અનંતગુણ છે, પર્યાય છે ને દયા–દાન આદિના અનેકરૂપ ભાવો પણ અજ્ઞાનીને છે. જો નથી એમ માને તો સંસારદશા પણ ન રહે!–પરંતુ તેમ નથી.

પર્યાય ને ભેદ છે ખરા, પણ તે આશ્રય કરવા લાયક નથી. એકપણાની દ્રષ્ટિ કરે તો નિર્વિકલ્પ આનંદ આવશે ને અનેકપણાનું લક્ષ કરવા જશે તો રાગ થશે ભાઈ! એકપણાની દ્રષ્ટિ કરતાં તેમાં ભેદ દેખાતો નથી માટે ભેદ અસત્યાર્થ છે, પરંતુ સર્વથા પર્યાયને અવિદ્યમાન માને તો સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદ્રષ્ટિનો જ પ્રસંગ આવે. ડુંગરે ચઢવું હોય તો પેટાળને–તળેટીને છોડી દે તેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા પર્યાયભેદ આદિને ગૌણ કરીને વ્યવહાર કહીને નથી તેમ કહ્યું છે, નથી જ એમ કહ્યું નથી, જો સર્વથા નથી એમ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

હવે વધુ સ્પષ્ટ કરે છે કે જિનવાણી છે તે સ્યાદ્વાદ–રૂપ છે, તે આત્માનું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવાના પ્રયોજન વશે નયને એટલે કે જ્ઞાનના અંશને અર્થાત

જ્ઞાનના અંશના વિષયને મુખ્ય–ગૌણ કરીને કહે છે. મુખ્ય–ગૌણ એટલે ?–કે ત્રિકાળીની દૃષ્ટિ કરવા મુખ્યને નિશ્ચય કહીને સત્ય કહે છે અને પર્યાયમાં રાગાદિ હોવા છતાં તેની દૃષ્ટિ છોડાવવા ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય કહે છે. કેમ કે જ્યાં સુધી તેની વર્તમાન દશાનું લક્ષ રહેશે ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન નહીં થાય, કેમકે એ તો પર્યાય–બુદ્ધિ–રખડવાની બુદ્ધિ છે. તેથી પર્યાયને ગૌણ કરીને અસત્ય કહી છે ને ત્રિકાળીને મુખ્ય કરીને સત્ય કહ્યો છે. સમ્યગ્દર્શન પામવાના પ્રયોજનને વશ એમ કહ્યું છે. જિનવાણીમાં અહીંયા જે મુખ્યને સત્ય અને ગૌણને અસત્ય કહ્યું છે તે પ્રયોજનવશ કહ્યું છે. શા માટે એમ કહ્યું છે તેના ત્રણ કારણો કહે છેઃ–

## ❁ પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે ❁

પ્રાણીઓને અનાદિથી ભેદનો પક્ષ છે કે રાગ કરવા જેવો છે, પર્યાય ને ગુણગુણીના ભેદ તે હું છું–એમ પર્યાયનો પક્ષ તો અજ્ઞાનીને અનાદિનો છે. પર્યાય જેટલો હું એવો પક્ષ અનાદિનો છે. ત્રિકાળી જ્ઞાયકભાવમાં પર્યાયને જોવી તે ભેદરૂપ વ્યવહાર છે, ત્રિકાળી આનંદના નાથનો તેણે કદી પક્ષ કર્યો નથી ને તેની જે વર્તમાન અવસ્થા છે તે ભેદરૂપ વ્યવહાર છે, તેનો અનાદિથી પક્ષ કર્યો છે. સ્ત્રી–પુત્ર મારા એ તો ક્યાંય રહ્યા પણ વર્તમાન જે પર્યાય છે તેનો પક્ષ છે તે ભેદરૂપ વ્યવહાર છે. વર્તમાન પર્યાય જેટલો હું છું એવું લક્ષ–પક્ષ તો જીવને અનાદિથી છે.

પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે તેનું તો તેને લક્ષ નથી, અભેદરૂપ નિશ્ચયનો પક્ષ નથી ને ભેદરૂપ વ્યવહારનો પક્ષ જીવોને અનાદિથી છે. ત્યાગી થયો તોપણ જે દયા–દાન આદિના પરિણામ થયા તેનો પક્ષ એટલે કે ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અજ્ઞાનીને અનાદિકાળથી જ છે. પર્યાયનો જે અંશ છે તે ભેદરૂપ છે, ભેદરૂપ વ્યવહારનો પક્ષ અને માન્યતા તો અનાદિથી અજ્ઞાનીને છે જ પણ તેને ત્રિકાળી વસ્તુનું ધ્યેય નથી, લક્ષ નથી ને આદર નથી.

## ❁ વ્યવહારનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે ❁

વળી ભેદરૂપ વ્યવહારનો ઉપદેશ પણ બહુધા પરસ્પર કરે છે, એટલે કે દયા પાળો, વ્રત કરો એવો ઉપદેશ અજ્ઞાનીઓ માંહોમાંહે કરે છે. પહેલાં વ્રત ઉપવાસ આદિ કરવા જોઈએ, એમને એમ કાંઈ ધર્મ થઈ જાય ?–એમ પરસ્પર ઉપદેશ કરે છે. આપણે નીચલા દરજ્જાના માણસોએ દયા–દાન–ભક્તિ આદિ પહેલાં કરવું જોઈએ, આપણા માટે એ પહેલું પગથિયું છે–એમ અજ્ઞાનીઓ પરસ્પર વ્યવહારનો ઉપદેશ પણ કરે છે.

## જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે, પણ તેનું ફળ સંસાર જ છે.

વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનું હસ્તાવલંબ–નિમિત્ત જાણીને ઘણો કર્યો છે પણ તેનું ફળ સંસાર જ છે. કોનું?–કે એ ત્રણેનું ફળ સંસાર જ છે. જિનવાણીમાં નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું ત્યાં નિમિત્તને વળગ્યો; તેનું ફળ સંસાર છે. વસ્તુ પૂર્ણાનંદપ્રભુ છે તેની દ્રષ્ટિ કરાવવા તે સત્ય છે ને રાગના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી તેથી તે છોડાવવા તેને ગૌણ કરીને વ્યવહાર કહીને નથી તેમ કહ્યું છે. ત્રિકાળી જ્ઞાયકભાવની દ્રષ્ટિ કરાવવા તે જ સત્ય છે ને પર્યાય હોવા છતાં તેની દ્રષ્ટિ છોડાવવા તેને ગૌણ કરી નથી તેમ કહ્યું છે. એમ કેમ કહ્યું?–કે વ્યવહારનો પક્ષ તો અજ્ઞાનીઓને અનાદિથી છે તથા પરસ્પર વ્યવહારનો ઉપદેશ પણ કરે છે અને જિનવાણીમાં પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે, પણ એ ત્રણેનું ફળ તો સંસાર છે. જૈન શાસ્ત્રોમાં વ્યવહારનો ઉપદેશ આવ્યો તેનો આશ્રય લઈને વ્યવહાર સ્થાપે –વ્યવહારનો પક્ષ કરે પણ તેનું ફળ સંસાર છે.

એ રીતે એ ત્રણેનો આશ્રય–પક્ષ છોડાવવા ગૌણ કરીને તેને અસત્ય કહ્યું છે. જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ કેમ છે?–કે શુદ્ધનયનો હસ્તાવલંબ–કઠોડાની જેમ –જાણીને કહ્યો છે. છતાં તેનું ફળ સંસાર જ છે. શાસ્ત્રમાં મહાવ્રતાદિનું કથન બહુ આવે પણ તેનું ફળ સંસાર જ છે, રખડવાનું છે. તેથી જ્ઞાનાનંદ અભેદ પ્રભુનું સમ્યગ્દર્શન કરાવવા ત્રિકાળી અભેદ જ સત્ય છે ને પર્યાયને ગૌણ કરીને તે નથી તેમ કહ્યું છે. પરંતુ બિલકુલ નથી એમ માને તો મિથ્યાદ્રષ્ટિ છે.

અહીં ત્રિકાળી અભેદને સત્ય કહીને તેનો આશ્રય કરાવ્યો છે ને ભેદને અસત્ય કહીને તેનો આશ્રય છોડાવ્યો છે, કેમ કે અભેદના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. તેથી અભેદને મુખ્ય કરીને નિશ્ચય કહીને સત્ય કહ્યો છે ને ભેદને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય કહ્યો છે. વ્યવહારનો પક્ષ તો અનાદિનો છે અને તેની રુચિ ત્યાં હોવાથી માંહોમાંહે વ્યવહારનો જ ઉપદેશ કરે છે. વળી જિનવાણીમાં પણ મહાવ્રત આદિ વ્યવહારનું કથન ઘણું આવ્યું છે પણ એ ત્રણેનું ફળ સંસાર છે. જિનવાણીમાં આવેલા વ્યવહારનું ફળ સંસાર છે!! તેથી વ્યવહારના જેટલા ભેદ છે તેને છોડાવવા અસત્ય કહ્યો. નિશ્ચયની જોડે વ્યવહારનો રાગ હોય છે, તેને સાથે દેખીને જૈનશાસ્ત્રમાં પણ તેનો ઉપદેશ બહુ આવ્યો છે પણ તેનું ફળ સંસાર જ છે. જિનવાણીમાં પણ વ્યવહારનો જે ઉપદેશ આવ્યો છે તેનું ફળ સંસાર છે.

અરેરે! આ વાત સાંભળવા મળે નહીં ને રખડી રહ્યો છે. કેમ કે વ્યવહારના પક્ષમાં ઊભો છે, વિકલ્પના પક્ષમાં ઊભો છે. અંતરમાં જેણે અતીન્દ્રિય આનંદના સાગરને ઊછાળ્યો છે, પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સાગર જેને હીલોડે ચડયો છે એવા મુનિને પણ પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે તે જગપંથ છે તેમ નાટક સમયસારમાં કહ્યું છે. એ પંચમહાવ્રત આદિને નિમિત્ત દેખીને શાસ્ત્રમાં ઉપદેશ આવે ખરો પણ તેનું ફળ સંસાર છે. ભગવાને કહેલો વ્યવહાર પણ બંધનું કારણ છે. જેમ જીવ–પુદ્ગલ ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાય સહાયક એટલે કે સાથે હોય છે તેમ જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો સહાયક જાણીને કહ્યો છે પણ તે દુઃખદાયક છે. તો કેમ કહ્યો છે?–કે તે સાથે હોય છે માટે કહ્યો છે.

આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે તેનો કદી પક્ષ લીધો નથી એટલે કે તેની રુચિ કદી કરી નથી. અનંતકાળ વીત્યો, સાધુ અનંતવાર થયો, દિગંબર મુનિ થયો પણ આત્મજ્ઞાન વિના ચારગતિમાં રખડયો. જેને અંદરમાં ભવ અને ભવનો ભાવ કલંકરૂપ લાગે તે અંદરમાં નિષ્કલંક પ્રભુને શોધે. પરંતુ જીવને શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી ને વળી શુદ્ધનયનો ઉપદેશ પણ વિરલ થઈ ગયો છે. સામાયિક–પોષા કરો, દયા–દાન આદિ કરો એમ વ્યવહારનો ઉપદેશ ઘણો છે પણ શુદ્ધનયનો ઉપદેશ વિરલ થઈ ગયો છે. શુદ્ધનયનો ઉપદેશ તો લાખમાં કે કરોડમાં કોઈ કરે એવો વિરલ થઈ ગયો છે. 'સ્વનો આશ્રય લેવો' એવો ઉપદેશ પણ વિરલ થઈ ગયો છે. બાકી તો દયા–દાન કરો આદિ અજ્ઞાનના ઉપદેશ તો જ્યાં ત્યાં ચાલ્યા છે.

શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી ને તેનો ઉપદેશ પણ વિરલ છે અર્થાત્ ક્યાંક ક્યાંક છે તેથી ચોર કોટવાલને દંડે એવું થઈ ગયું છે. જેમ ઝાઝા ચોર ભેગા થઈને કોટવાલને દંડે તેમ નિશ્ચયની વાત નહીં જાણનારા અને વ્યવહારના ઉપદેશ કરનારા ઘણા થઈને શુદ્ધનયના ઉપદેશ કરનારાને દંડે એવું થઈ ગયું છે! એટલે કે શુદ્ધનયનો ઉપદેશ વિરલ હોવાથી વ્યવહારના ઉપદેશ કરનારા તેનો ઉહાપોહ કરે!

## ❁ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ ❁

અહીં તો કહે છે કે શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ છે. ત્રિકાળી આનંદના નાથને જેણે પકડયો તેનું નામ ગ્રહણ છે. રાગને ને વિકલ્પને તો અનાદિથી પકડીને બેઠો છે પણ આ ધ્રુવ તે હું છું એમ જ્ઞાનમાં પકડયું તેનું ફળ મોક્ષ છે તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયનો ઉપદેશ મુખ્યતાથી દીધો છે, એટલે કે વ્યવહારનો ઉપદેશ ગૌણપણે છે કેમ કે જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી વ્યવહાર હોય છે ખરો.

શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને પ્રધાનતાથી તેનો ઉપદેશ કર્યો છે કે શુદ્ધનય ભૂતાર્થ છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. સત્યાર્થ હોવાથી તેના આશ્રયે સત્યદ્રષ્ટિ સમ્યગ્દર્શન થાય છે. તેથી કહે છે કે ભેદને છોડ, વ્યવહારને છોડ, પર્યાયદ્રષ્ટિને છોડ ને ત્રિકાળી સત્યાર્થનું અવલંબન લે. જ્ઞાનનું દળ, આનંદનો સાગર એવી જે વસ્તુ છે તેને જોતાં, તેનો આશ્રય લેતાં ને ભેદનો ને વ્યવહારનો ને વિકલ્પનો આશ્રય છોડતાં તેને પ્રથમ સમ્યગ્દર્શન થાય છે, ધર્મની પ્રથમ શરૂઆત થાય છે.

દયા–દાન આદિના વિકલ્પનો આશ્રય નહીં, ભેદનો ને પર્યાયનો આશ્રય નહીં પણ ત્રિકાળીનો આશ્રય લે. જો કે દ્રવ્ય આશ્રય આપતું નથી પણ વર્તમાન દશા અંતરમાં ત્રિકાળીની સન્મુખ થઈ ત્યારે તેણે દ્રવ્યનો આશ્રય લીધો એમ કહેવાય છે. દયા–દાનના પરિણામ તો આસ્રવ ને બંધના કારણ છે, માટે ત્યાં તો ન રોકાઈશ, પણ આત્માના આશ્રયે જે સંવર–નિર્જરાના પરિણામ થયા ત્યાં પણ ન રોકાઈશ ભાઈ!

એક ત્રિકાળી ધ્રુવને જાણ્યા વિના જે જીવ જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી જીવને રખડવું મટતું નથી. જે ત્રિકાળી ચીજ છે તેમાં તો એક સમયની પર્યાય પણ નથી. જે ભેદમાં ને વિકલ્પમાં રોકાશે તે જીવને ત્યાં સુધી આત્મા હાથમાં–જ્ઞાનમાં નહીં આવે. પ્રભુ! એક વાર સાંભળ, બધું મુકીને એક વાર નિર્વિકલ્પ તત્ત્વ જો! અવસર ચાલ્યા જશે તો ફરી ક્યારે મળશે નાથ! માટે ચાલતી ધારા જે પર્યાય છે તેની નજર છોડીને તેની પાછળ જે ત્રિકાળી નાથ મૌજૂદ બિરાજમાન છે તેની નજર કર બાપુ!

અખંડ આનંદનો નાથ પ્રભુ છે તેને જાણ્યા વિના ગુણ–ગુણીના વિકલ્પમાં મગ્ન છે તે વ્યવહારમાં મગ્ન છે. જ્ઞાન છે તે આત્માનું છે એમ લક્ષણલક્ષ્યના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે. સંસારના પાપના ભાવમાં કે દયા–દાન આદિના ભાવમાં રોકાયો છે એ તો ક્યાંય રહ્યો પણ લક્ષણ–લક્ષ્યના ને ગુણ–ગુણીના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી તે વ્યવહારમાં મગ્ન છે. કળશટીકામાં ૮ મા કળશમાં પણ આવે છે કે ચેતના લક્ષણમાત્ર આત્મા છે એવા ભેદનો વિચાર છે ત્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે. જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી મિથ્યાદ્રષ્ટિ છે.

લક્ષણ ને લક્ષ્ય એવા ભેદમાં પણ મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાન ને શ્રદ્ધારૂપ નિશ્ચય સમકિત થતું નથી. શિષ્યનો પ્રશ્ન હતો કે–વ્યવહારને અંગીકાર કેમ ન કરવો ?– તેથી કહ્યું કે જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી નિશ્ચય સમકિત થતું નથી માટે વ્યવહાર અંગીકાર કરવા લાયક નથી. તેથી પર્યાયને અસત્યાર્થ કહીને, 'ભૂતાર્થ' નો આશ્રય કરવો' એમ કહેવાનો આશય જાણવો–એમ ઉત્તર કહ્યો. ❀ ❀ ❀

## ❁ પ્રથમમાં પ્રથમ આત્માને જાણ ❁

અનાદિથી આજ પર્યંત જે સાધ્ય આત્માની સિદ્ધિ થઈ નથી તે સાધ્ય આત્માની સિદ્ધિની વિધિ દ્રષ્ટાંત પૂર્વક આચાર્ય મહારાજે અહીં સમજાવી છે. જિજ્ઞાસુઓને પણ એ પ્રશ્ન થતો હોય છે કે પ્રથમ શું કરવું?–તેને અહીં કહે છે કે ભાઈ! પ્રથમમાં પ્રથમ તારે આત્માને જાણવો. ભલે અનાદિ કાળથી પર્યાયમાં વિકાર સાથે મિશ્રિતપણું અનુભવાઈ રહ્યું હોવાથી અઘરું તો લાગે, પરંતુ ભેદજ્ઞાનની પ્રવિણતા વડે રાગ અને આત્માને ભિન્ન ભિન્ન લક્ષણથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' –એમ આત્માને પ્રથમ જાણવો. એ રીતે જ્ઞાનમાં જેવો આત્મા જણાયો તેવી પ્રતીતિ કરીને તેમાં ઠરવાથી સાધ્યની સિદ્ધિ થાય છે.

આચાર્ય મહારાજે અહીં પ્રથમમાં પ્રથમ આત્મા જાણ એમ જાણવા ઉપર ભાર મૂક્યો છે, કેમ કે એ જાણી શકાય છે. કારણ કે આબાળગોપાળ સૌને સદાકાળ અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા પોતે જ અનુભવાય છે. અજ્ઞાની હોવા છતાં સદાકાળ ભગવાન આત્મા અનુભવાય છે. કેમ કે જ્ઞાનની વર્તમાન દશાનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી સ્વ જણાય છે, પરંતુ તેનું લક્ષ પર તરફ હોવાથી જાણનારો જણાવા છતાં તેને જાણતો નથી. તેથી કહે છે કે જે સદાકાળ અનુભવાઈ રહ્યો છે એવા ભગવાન આત્માને પ્રથમમાં પ્રથમ જાણ.

શ્રી સમયસાર ગાથા ૧૭–૧૮, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી.
(મદ્રાસ, તા. ૪–૩–૭૮ થી ૧૦–૩–૭૮)

સાધ્ય આત્માની સિદ્ધિની કઈ રીતે ઉપપત્તિ થાય તે સમજાવવા આચાર્ય મહારાજ કહે છે કેઃ–

**જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
**પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.**
**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.**

અહીં ગાથામાં પહેલાં દૃષ્ટાંત કહે છે કે જે પૈસાનો અર્થી છે એવો પુરુષ રાજાને પ્રથમ જાણે કે આ રાજા છે. પછી તેની શ્રદ્ધા કરે કે આ રાજા જ છે, તેની સેવા કરવાથી જરૂર ધનની પ્રાપ્તિ થશે અને પછી તેની સેવા કરે. તેમ અનંત આનંદની પ્રાપ્તિ પર્યાયમાં હો એવી જેને વર્તમાન જિજ્ઞાસા છે, અનંત દુઃખથી જેને મુક્ત થવું છે તેણે પ્રથમ શું કરવું ?–કે પ્રથમ આત્માને જાણવો. રાગદ્વેષનો વિકારભાવ, રાગદ્વેષની પરિણતિ તે દુઃખ છે, તેનાથી મુક્ત થવા ઈચ્છતા મોક્ષાર્થી પુરુષે સૌ પ્રથમ શું કરવું ?–કે આત્માને જાણવો. આત્મા શું ચીજ છે એ જાણવું. પહેલામાં પહેલા આત્માને જાણવો. એ તો ચૈતન્યરત્નાકર છે, ચૈતન્યરત્નોથી ભરેલો આત્મા છે, વિકારની વૃત્તિ તેનાથી ભિન્ન છે. પુણ્ય–પાપના વિકારથી ભિન્ન થઈને સૌ પ્રથમ જાણનાર સચ્ચિદાનંદપ્રભુને જાણવો. આત્મચીજ શું છે ? –કે જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ છે, તેને પ્રથમ જાણવો. એ જાણવાની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ; ત્યારે આત્માને જાણ્યો કહેવાય અને તેને ધર્મની શરૂઆત કહે છે.

જેને લક્ષ્મીની ઝંખના છે એવો પુરુષ પ્રથમ તો ઘણા ઉદ્યમથી જાણે કે આ રાજા છે, મહા સંપતિવાન રાજા છે એમ ઉદ્યમપૂર્વક જાણે. એમ જાણીને પછી તેની શ્રદ્ધા કરે કે આ જરૂર રાજા જ છે, તેની સેવા કરવાથી જરૂર પૈસા મળશે એમ શ્રદ્ધા કરીને રાજાની સેવા કરીને તેને પ્રસન્ન કરે. આ તો દૃષ્ટાંત છે, હવે સિદ્ધાંત કહે છે.

### ❁ મોક્ષાર્થીએ પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો ❁

ધનાર્થી પુરુષની જેમ મોક્ષાર્થી પુરુષે–મોક્ષાર્થી પુરુષ એટલે ?–કે અનંત અનંત સુખની પ્રાપ્તિ અને અનંત દુઃખના વ્યયનો અર્થી. પરમ આનંદના લાભનો અર્થી પુરુષ કે જે જગતની આબરૂ, કીર્તિ પૈસા કે સ્વર્ગનો અર્થી નથી તે મોક્ષાર્થી છે. જે એકમાત્ર પૂર્ણાનંદની પ્રાપ્તિ અને રાગ દ્વેષના દુઃખના વ્યયનો અર્થી છે તે મોક્ષાર્થી છે. એવા મોક્ષાર્થીએ શું કરવું ?–કે પહેલાં તો આત્માને જાણવો જોઈએ. અનંત અનંત ચૈતન્યરત્નાકર ભગવાન કે જેમાં નિમિત્તનો તો અભાવ, રાગાદિનો તો અભાવ, પણ વર્તમાન પર્યાયનો પણ અભાવ છે એવા સ્વયંભૂ આત્માને જાણવો જોઈએ.

પોતાની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આત્માને પ્રથમ તો જ્ઞેય બનાવીને જાણવો જોઈએ. એ સિવાય અનંતવાર મુનિવ્રત ધારણ કર્યા પણ કાંઈક બાકી રહી ગયું ?–કે શું બાકી રહી ગયું ? પોતાના આત્માને જાણવો બાકી રહી ગયો. જાણનારને જાણ્યો નહીં ને જાણનારે પરને જાણ્યા.

તેથી અહીં કહે છે કે પહેલામાં પહેલો આત્મા જાણવો. પહેલા દયા–દાન–વ્રત–તપ આદિ કરવા એમ ન કહ્યું, કેમ કે એ તો અનંતવાર કર્યું પરંતુ લેશમાત્ર સુખ પામ્યો નહીં. તેથી કહે છે કે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો. ભલે કઠણ લાગે, પણ અશક્ય નથી, કેમ કે એ પોતાની ચીજ છે. આબાળગોપાળ એટલે કે સર્વ જીવને સદાય પોતાની પર્યાયમાં આત્મા જણાય છે, કેમકે સ્વ–પર પ્રકાશક સ્વભાવ છે. તેથી અજ્ઞાનીની પર્યાયમાં સ્વ જણાય તો છે પરંતુ રાગને વશ થઈને તેની દ્રષ્ટિ પર તરફ હોવાથી તેને સ્વ જણાતો નથી.

અનંતકાળમાં મહાવ્રતાદિ દ્રવ્યલિંગ તો અનંતવાર પાળ્યા પરંતુ આત્માને જાણ્યો નહીં તેથી અહીં આચાર્ય મહારાજ કહે છે કે **‘प्रथममेवात्मा ज्ञातव्यः’** અર્થાત્ સૌ પ્રથમ આત્માને જાણવો જોઈએ. અનાદિથી પર્યાયમાં આત્મા જણાતો હોવા છતાં તે તરફ દ્રષ્ટિ કરી નથી તેથી આત્મા જણાયો નથી માટે હવે તો પહેલામાં પહેલો આત્માને જાણ. વિકલ્પ ઊઠે છે, રાગ ઊઠે છે તેનાથી ભિન્ન આત્માને પર્યાયમાં જાણવો. જ્ઞાનની પર્યાય તો અનિત્ય છે, અવસ્થા છે પણ તેમાં જાણવો કોને ?–કે ધ્રુવ આત્માને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પ્રથમમાં પ્રથમ જાણવો.

ભાઈ ! તારા હિતની આ વાત છે. મોંઘી લાગે, અઘરી લાગે પણ અશક્ય નથી. તારી ચીજ છે...છે...છે...તેને જાણવી છે માટે અશક્ય નથી. તેથી હવે પહેલામાં પહેલો આત્માને જાણ. જાણીને શું કરવું ?–કે જે આત્મા જણાયો તેની પ્રતીતિ કરવી, કેમ કે જાણ્યા વિના પ્રતીતિ કોની કરે ?–માટે પ્રથમ આત્માને જાણીને તેની શ્રદ્ધા કરવી. વસ્તુ જ્ઞાનમાં આવી ન હોય ત્યાં સુધી શ્રદ્ધા કોની કરશે ?–માટે પ્રથમ ચિદાનંદ મહાપ્રભુ પરમાત્મસ્વરૂપ આત્મા છે એમ આત્માને જાણીને તેનું શ્રદ્ધાન કરો કે આ આત્માનું આચરણ કરવાથી સકળ કર્મોનો નાશ થશે, સ્વરૂપમાં રમણ કરવાથી કર્મ છૂટશે એમ શ્રદ્ધા કરો.

ધનનો અર્થી હોય તે આ રાજા છે એમ જાણીને રાજાપણાની પ્રતીતિ કરીને તેની સેવા કરે. તેમ આ આત્મા જીવરાજા છે. ભગવાન આત્મા શરીરથી ભિન્ન, કર્મથી ભિન્ન તથા પુણ્ય–પાપના ભાવથી પણ ભિન્ન અનંતજ્ઞાન ને અનંત આનંદનો સ્વામી આત્મા છે. એ આત્માને મોક્ષાર્થી જીવે પ્રથમ જાણવો. પ્રથમ શું કરવું ?–એમ

ઘણા પ્રશ્ન કરે છે ને! તેને કહે છે કે પ્રથમમાં પ્રથમ જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય વસ્તુ છે તેને જાણવી. પોતાની જ્ઞાનપર્યાયમાં જેવી ચીજ છે એવો પ્રત્યક્ષ પ્રતિભાસ કરવો. આ એક જે કરવાનું છે તે અનંતકાળમાં કર્યું નથી.

વસ્તુ જે છે તે પૂરણ નિરાવરણ છે, શુદ્ધ ધ્રુવ નિત્યાનંદપ્રભુ એકરૂપ છે. તેના તરફ ઝૂકવાથી જ્ઞાનની પર્યાયમાં વસ્તુ છે તેનો પ્રત્યક્ષ પ્રતિભાસ થાય છે. જે સદા અવિનશ્વર ધ્રુવ સ્વયં પરમાત્મા છે કે જેનું પરમલક્ષણ પરમપારિણામિકસ્વભાવ ભાવ છે તેની દ્રષ્ટિ કરવી એ કરવાનું છે, એ સિવાય અનંતવાર શુભભાવ કર્યા પણ તેનાથી જન્મ–મરણનો અંત આવ્યો નહીં.

પરમપારિણામિકભાવલક્ષણ જે પરમાત્મા તે હું છું, તેની દ્રષ્ટિ કરવાથી જન્મ–મરણનો અંત આવશે. શું કરવું?–કે નિજપરમાત્મા છે ત્યાં દ્રષ્ટિ કરવી. પરવસ્તુ, રાગ અને પર્યાયની દ્રષ્ટિ છે તે બહિર્મુખ દ્રષ્ટિ છે. જે ત્રિકાળી વસ્તુમાં નથી તેને પોતાની માનવી તે બહિર્દ્રષ્ટિ છે. પ્રભુ! તું કોણ છે એ તને ખબર નથી. તેથી અહીં કહે છે કે જેને ધર્મ કરવો હોય, કલ્યાણના પંથે આવવું હોય, તેને પહેલામાં પહેલો આત્માને જાણવો. મંદિર, પ્રતિષ્ઠામહોત્સવ આદિ શુભભાવ હોય, પણ તે સાધન નથી. પ્રજ્ઞાછીણી એ સાધન છે. કેમ કે સકલ નિરાવરણ આત્મવસ્તુ અને રાગ એ બે વચ્ચે સંધિ છે, નિઃસંધિ થયા નથી, તેથી ત્યાં સાવધાનીપૂર્વક પ્રજ્ઞાછીણી પટકવાથી બે ભિન્ન થઈ જાય છે.

પ્રભુ! તું ક્યાં છો તેની તને ખબર નથી. બહારમાં ખોવાઈ ગયો. જ્યાં છો ત્યાં આવ્યો નહીં ને જ્યાં તું નથી ત્યાં આકર્ષાઈ ગયો. પૈસાદિ બાહ્યચીજમાં વિસ્મય પામ્યો પણ જેનું વર્ણન કેવળી પરમાત્મા પણ પૂરું ન કરી શકયા એવા ભગવત–સ્વરૂપ નિજ પરમાત્માની તને વિસ્મયતા ન આવી, મહિમા ન આવી અને પૈસા–પુત્ર આબરૂ આદિમાં આકર્ષાઈ ગયો. બાપુ! તને આ ભૂતાવળ ક્યાંથી લાગી? તેથી કરુણાથી સંતો કહે છે કે ભાઈ! તારે કલ્યાણ કરવું હોય તો પ્રથમમાં પ્રથમ આત્માને જાણ. એક સમયની શુભાશુભભાવની પર્યાય એ તો વિકૃત ભાવ છે ને ભગવાન આત્મા અવિકૃતસ્વરૂપ છે. દ્રષ્ટિને અંદરમાં લઈ જવી, જ્યાં ભગવાન આત્મા છે ત્યાં જવું. જેમ રાત્રે સૂતી વખતે જુવે કે એક દિકરીની પથારી હજી ખાલી છે તો કેમ નથી આવી? ાા–૧ કલાક દિકરી મોડી આવે ત્યાં તો તેને શોધવા ગોતાગોત કરવા લાગી જાય. તો ભાઈ! આ તારા આત્માને શોધવા કેમ પ્રયત્ન કરતો નથી?

## ❁ સાધ્ય આત્માની સિદ્ધિની વિધિ ❁

પહેલા જ્ઞાનમાં ચૈતન્યપૂર્ણાનંદના નાથને જાણવો, જાણીને તેની શ્રદ્ધા કરવી. જાણ્યા વિના શ્રદ્ધા શેની કરશે? માટે પ્રથમ આત્માને જાણવો જોઈએ અને પછી તેની શ્રદ્ધા કરવી જોઈએ. જ્ઞાનમાં જાણવામાં આવ્યો કે 'આ આત્મા' પછી તેની શ્રદ્ધા કરવી કે આ પૂર્ણાનંદ, જ્ઞાનસ્વરૂપ, નિત્યધ્રુવ, આદિ–અંત રહિત પ્રભુ તે જ આત્મા છે. જાણ્યા વિનાની શ્રદ્ધા તો સસલાના શીંગની શ્રદ્ધા સમાન છે, માટે પ્રથમ આત્માને જાણીને પછી તેની શ્રદ્ધા કરવી.

જેમ સર્પને પકડવાના સાણસાથી મોતી ન પકડાય, સોનીની સમાણીથી મોતી પકડાય, તેમ સ્થૂળ ઉપયોગથી એટલે કે શુભાશુભ ભાવોથી આત્મા જણાય એવો નથી પણ અંતરંગમાં સૂક્ષ્મ ઉપયોગ વડે આત્મા જણાય એવો છે. એ રીતે આત્માને જાણીને શ્રદ્ધા કરવી કે આ આત્મા છે, તેના આચરણ વડે એટલે કે તેની એકાગ્રતાથી કર્મોથી છૂટવું થશે, શ્રદ્ધામાં એમ નથી આવતું કે વ્યવહારરત્નત્રયથી કર્મોથી છૂટાશે પરંતુ શ્રદ્ધામાં એમ આવે છે કે આત્મા આનંદસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય છે તેમાં રમણ કરવાથી કર્મોથી છૂટવું થશે.

આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. તેનું આચરણ તે આત્મઆચરણ છે. આનંદકંદ સ્વરૂપમાં રમવું, અતીન્દ્રિય આનંદનું વિશેષ ભોજન કરવું તે આત્મ–આચરણ છે, ભગવાન અમૃતનો સાગર છે, તેનું આચરણ કરીશ તો કર્મોથી છૂટીશ એમ શ્રદ્ધામાં આવે છે. પ્રથમ જ્ઞાનમાં પણ 'આ માર્ગ છે, આ વિધિ છે' તેમ ખ્યાલમાં તો લે! થોડું પણ સત્ય સમજ તો ખરો!

અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે, તેમાં અનુભવ વડે લીન થવું જોઈએ, સાધ્ય અર્થાત્ કર્મ વિનાની જે મોક્ષ અવસ્થા તેની પ્રાપ્તિ–અભેદ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિની આ રીત છે, એ સિવાય સાધ્યની સિદ્ધિ નથી, બીજી રીતે મુક્તિ થતી નથી. અંતરમાં આત્માના શ્રદ્ધા–જ્ઞાન ને આચરણથી મુક્તિ થાય છે, એ સિવાય વ્યવહારરત્નત્રય આદિથી મુક્તિ થતી નથી.

સાધ્યની સિદ્ધિ આ રીતે જ છે, બીજ રીતે નથી–એમ કહીને બહુ ખુલાસા કરી નાખ્યા છે. ધર્મીને અંતરમાં એકાગ્રતા નહીં રહેતા વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે ખરો પણ એ બંધનું કારણ છે, તેનાથી સ્વર્ગ આદિ મળશે પણ તેનાથી મુક્તિની પ્રાપ્તિ થશે નહીં.

એ રીતે પહેલા સામાન્ય વાત કરીને હવે આત્માની પ્રાપ્તિ કેમ થાય? તેની વિધિ ને રીત શું?–એ વાત વિશેષ રૂપે સમજાવે છે.

આત્માને પુણ્ય–પાપ આદિ અનુભવમાં આવવાથી અનેકરૂપ પર્યાયની સાથે મિશ્રિતપણે આત્મા અનુભવમાં આવી રહ્યો છે. રાગની વિકલ્પવૃત્તિ અને ભગવાન આત્મા એ બે અનાદિથી મિશ્રિતપણે અનુભવાઈ રહ્યા છે. તેથી હવે શું કરવું?–કે રાગ બંધલક્ષણ છે ને આત્મા અબંધસ્વરૂપ છે એમ ભિન્ન ભિન્ન લક્ષણ વડે સર્વપ્રકારે ભેદજ્ઞાનથી 'આ આત્મા તે જ હું છું' એમ અનુભવ કરવાથી મોક્ષમાર્ગની પ્રથમ શરૂઆત થાય છે.

આ આત્માને અનાદિકાળથી પુણ્ય–પાપ નો મિશ્રિત અનુભવ આવી રહ્યો છે. મિશ્રિત એટલે? થોડો રાગનો ને થોડો આનંદનો અનુભવ એમ નહીં, પણ ભગવાન અભેદ સ્વરૂપ હોવા છતાં તેની દશામાં પુણ્ય–પાપના અસંખ્ય પ્રકાર અનુભવાય છે. ભગવાન આત્માની દશામાં પુણ્ય અને પાપરૂપી ભેદભાવ અનુભવાય છે તેથી અતીન્દ્રિય આનંદનો પર્યાયમાં અનાદિથી અભાવ છે. ચાહે તો અશુભ રાગ હો કે ચાહે તો શુભ રાગ હો, બન્ને કષાય અગ્નિ છે.

ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ છે તેની મૌજુદગી નહીં સ્વીકારીને જે પુણ્ય–પાપનો વિકૃતભાવ છે તેને સ્વીકારે છે તેને રાગાદિ ઉપાદેય ને આત્મા હેય થયો છે, બીજી રીતે કહીયે તો તે મરણતુલ્ય થઈ રહ્યો છે. બહારના પ્રેમમાં અંતરની ચીજ ઢંકાઈ ગઈ છે. પ્રભુ! તું અંતરમાં તો સકલ નિરાવરણ પરમાત્મા છો, દ્રવ્યથી તો અંશેપણ તને આવરણ નથી છતાં રાગાદિના પ્રેમથી ભગવાન આત્મા ઢંકાઈ જવાથી મરણતુલ્ય થઈ રહ્યો છો.

ભગવાન આત્મા આનંદનો નાથ મૌજુદ હોવા છતાં પોતાની પર્યાયમાં રાગાદિનું મિશ્રિતપણું અજ્ઞાની અનુભવે છે. રાગ ને પુણ્ય–પાપનો વિકાર એ ભેદભાવ છે, તેને સ્વભાવની સાથે એકરૂપ માને છે તેથી મિશ્રપણું પર્યાયમાં છે, તોપણ સર્વપ્રકારે ભેદજ્ઞાનની પ્રવીણતાથી પુણ્ય–પાપથી ભિન્નતા થાય છે. ભગવાન આત્મામાં અતીન્દ્રિય–આનંદ અતીન્દ્રિય શાંતિ આદિના અનંતા ઓરડા ભર્યા છે, છતાં પાપ અને પુણ્યભાવને પોતાના માને છે તે અમૃત સાથે ઝેરને એટલે કે તે ઝેરને જ પીવે છે.

પહેલામાં પહેલી ક્રિયા શું?–કે સર્વપ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવિણતા કરવી તે પ્રથમ ક્રિયા છે. દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ છે પણ વર્તમાન પર્યાયમાં રાગાદિને મિશ્રિત કર્યા છે, તોપણ ભેદજ્ઞાનની પ્રવિણતાથી, રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે એમ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી ભિન્નતા અનુભવી શકાય છે.

એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવિણતાથી શું થાય છે?–કે ‘આ અનુભૂતિ છે તે જ હું છું’ પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે હું નથી એમ આત્મજ્ઞાન થાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે. રાગ તે હું નથી એમ અહીં ન કહેતાં આ અનુભૂતિ તે જ હું છું એમ કહ્યું. કેમ કે અનુભવ થતાં રાગ જુદો જ પડી જાય છે એટલે જુદો છે તે હું નથી એમ ન કહેતાં જે અનુભૂતિ થઈ તે જ હું છું એમ કહ્યું.

એકવાર સાંભળ તો ખરો! આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી. તેથી મૃત્યુ પહેલાં આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે ને બાપુ! અનંતકાળ ગયો, જન્મ–મરણની બેડી તૂટી નહીં તેથી બેડી તોડવાની વિધિ–રીત–ઉપાય બતાવે છે.

અનુભૂતિ થઈ તે જ હું છું એમ આત્મજ્ઞાન થયું. આત્મજ્ઞાન એટલે? પર્યાયનું જ્ઞાન કે ભેદનું જ્ઞાન એમ નહીં પણ ધ્રુવ ચૈતન્યસ્વભાવી આત્માનું જ્ઞાન. રાગથી ભિન્ન છું એવી અનુભૂતિ વડે આત્મજ્ઞાનથી આત્મા પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાન વડે આત્મા પ્રાપ્ત થાય છે પણ કોઈ વ્યવહારરત્નત્રયથી આત્મા પ્રાપ્ત થતો નથી.

આત્મજ્ઞાન વડે પ્રાપ્ત થયેલા આ આત્માને જ્ઞાનમાં જેવો જાણ્યો છે તેવો જ આત્મા છે એવી પ્રતીતિથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું?–કે ભેદજ્ઞાનની પ્રવિણતાથી આત્મજ્ઞાન વડે આત્માને જેવો જાણ્યો છે તેવો જ પ્રતીતિમાં આવવો તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. જ્ઞાનમાં પૂર્ણાનંદ અભેદ અખંડ આત્માનું જ્ઞાન થતાં જેવો આત્મા જાણ્યો એવી જ પ્રતીતિ થતાં સમ્યક્શ્રદ્ધાન ઉદ્યોત થાય છે. જ્ઞાનમાં આત્મા જાણવામાં આવ્યા વિના શ્રદ્ધા કોની કરશે? જાણ્યા વિનાની શ્રદ્ધા તો સસલાના શીંગડા સમાન છે. સસલાને શીંગડા હોતા નથી તો તેની શ્રદ્ધા કેવી?–તેથી અહીં જ્ઞાન ઉપર જોર આપ્યું છે કે જાણનારને પ્રથમ જાણ્યો ને જેવો જાણ્યો તેવી પ્રતીતિ થઈ તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્જ્ઞાન કારણ ને સમ્યગ્દર્શન કાર્ય એવી શૈલીથી અહીં વાત લીધી છે, કેમ કે સમ્યગ્જ્ઞાન વિના શ્રદ્ધા શી રીતે કરશે?

જેણે જન્મ–મરણનો નાશ કરવો હોય, તેણે પ્રથમમાં પ્રથમ આત્મજ્ઞાન કરવું જોઈએ. પરમાત્મા ઇન્દ્ર ને ગણધરની સભામાં જે વાત કરતા હતા તેને સંતો આડતીયા–એજન્ટ તરીકે જગતને એ જ વાત કરે છે કે પ્રભુ! એકવાર સાંભળતો ખરો કે પુણ્ય–પાપના ભાવ તો અનંતવાર કર્યા. અરે! પાપભાવના ફળમાં અનંતભવ નરકના કર્યા ને તેના કરતાં અસંખ્યગુણા ભવ પુણ્યના ફળથી સ્વર્ગના કર્યા પણ એ પુણ્યભાવથી

ભવનો અંત ન આવ્યો. તેથી ભવના અંત માટે પ્રથમમાં પ્રથમ આત્મા આનંદસ્વરૂપ છે તેને પુણ્ય–પાપની અવસ્થાથી ભિન્ન જાણવો, અનુભવવો. પર્યાયમાં વિકારનો મિશ્રિત અનુભવ છે તેને છોડી દે. વિકલ્પ સાથેની અનાદિની એકત્વબુદ્ધિ છે તેને છોડી દે.

શરીર તો જડ અચેતન છે જ પણ પુણ્ય–પાપના રાગ પણ અચેતન છે, કેમકે તેનામાં ચેતનનો અંશ નથી તેથી તેનાથી ભિન્ન આત્માનું જ્ઞાન કરવું. વિકલ્પનું જ્ઞાન કરવું કે એક સમયની પર્યાયનું જ્ઞાન કરવું એમ નથી કહ્યું પણ અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા છે તેનું જ્ઞાન કરવું–આત્મજ્ઞાન કરવું એમ કહ્યું છે. આકાશના પ્રદેશની સંખ્યા અનંત છે, તેના કરતાં અનંતગુણા ગુણ એક આત્મામાં છે. એવા ભગવાન આત્માનું આત્મજ્ઞાન એક વાર પણ કર્યું નથી, બાકી તો દયા–દાન–વ્રતાદિ અનંતવાર કર્યા. તેથી કહે છે કે હવે પ્રથમમાં પ્રથમ રાગથી ભેદજ્ઞાન કરીને પોતાના આત્માના સ્વભાવનું જ્ઞાન કરવું અને જ્ઞાનમાં આત્માને જેવો જાણ્યો એવી પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. એ પ્રતીતિમાં શું આવ્યું ?–કે આ આત્મા છે તે સમસ્ત રાગાદિથી ભિન્ન છે, અને ત્યાર પછી તેમાં નિઃશંકપણે સ્થિર થવાને સમર્થ થાય છે તે સમ્યક્ચારિત્ર છે. –એ રીતે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે.

## આબાળગોપાળ સૌને સદાકાળ ભગવાન આત્મા પોતે જ અનુભવમાં આવે છે.

હવે વિશેષ કહે છે કે બાળકથી માંડીને વૃદ્ધને એટલે કે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અવસ્થા છે, અજ્ઞાનીને પણ વિકાસરૂપ જે ભાવઇન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યાય છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમ કે તે પર્યાયમાં સ્વપર પ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વ–પર પ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ આત્મા જ અનુભવમાં આવે છે.

અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

વર્તમાન જ્ઞાનના પ્રગટ અંશમાં સર્વને સદાકાળ આત્મા જ અનુભવમાં આવે છે.

એમ હોવા છતાં જ્ઞાનમાં એકલું પરપ્રકાશકપણું છે તે એકાંત છે. પર્યાયમાં અનુભૂતિસ્વરૂપ આત્મા જણાવા છતાં કેમ ભૂલ કરે છે? સર્વના અનુભવમાં-અલ્પજ્ઞ પર્યાયમાં સ્વયં આત્મા જ જણાય છે, કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ સ્વ-પર પ્રકાશક છે, તો પછી ભૂલ કેમ થઈ?-કે અનાદિ રાગને વશ થઈને, પર્યાયમાં જ્ઞાયકસ્વરૂપ જણાય છે એમ દ્રષ્ટિ ન કરતાં, રાગને જાણું છું તે હું છું એમ રાગ સાથે એકતાબુદ્ધિથી અપરાધ કરે છે.

જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે કે રાગ તે હું છું,-એવી એકત્વબુદ્ધિ કરે છે તે ભૂલ છે, તે મહાઅપરાધ છે. અનંત જ્ઞાન આનંદ આદિનો દરબાર છે તેને જાણતો નથી ને પુણ્ય-પાપના રાગાદિને પોતાના જાણે છે તે મહા-અપરાધ છે, તે નાનો ગુન્હેગાર નથી પણ મહા-ગુન્હેગાર છે.

સર્વજ્ઞે જેવી ચીજ દેખી તે તારી પર્યાયમાં જણાય છે, છતાં ભૂલ કેમ થઈ?-કે અનાદિ બંધને વશ થઈને રાગ સાથે એકત્વબુદ્ધિમાં પડયો છે તેથી. ભગવાન આત્મા ઉપર દ્રષ્ટિ નથી ને રાગ ઉપર તારી નજર હોવાથી, જાણવામાં આવવા છતાં પણ આત્મ-વસ્તુ તને જણાતી નથી. તારી નજરમાં તને તું આવે છે છતાં તારી નજર ત્યાં નથી ને રાગાદિ પરદ્રવ્યો સાથે એકત્વ કરે છો તેથી તને આત્મા જણાતો નથી. અજ્ઞાનીને રાગની એકતાને લીધે 'જે આ અનુભૂતિ છે તે હું છું' એવું આત્મજ્ઞાન થતું નથી.

આચાર્ય મહારાજ તો ભગવાન કહીને બોલાવે છે. કહે છે કે અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ?-કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. પ્રભુ! અંદર આનંદરસની શેરડીની કાતળી છે અને પુણ્ય-પાપના ભાવ તે શેરડીના કુચા છે, તોપણ પુણ્ય-પાપના ભાવને વશ થઈને પુણ્ય-પાપના કુચામાં એકત્વબુદ્ધિથી રાગાદિ જણાય છે તે હું છું એમ અજ્ઞાની માને છે તે બહિરાત્મા મૂઢ છે. મૂઢ અજ્ઞાની જીવ જ્ઞાનની જાણવાની દશામાં 'આ આત્મા છું' એમ નહીં માનતા રાગાદિ હું છું એમ માને છે.

જેમ મદારીનું એક દોરીવાળું ડમરું હોય છે તે જે બાજુ વગાડે તે બાજુ વાગે તેમ રાગ બાજુ વળે ને કાં તો આત્મા બાજુ વળે-એ તેના હાથની વાત છે. ગુરુ ને શાસ્ત્ર તો દિશા બતાવે કે રાગાદિ તું નથી તેથી ત્યાંથી દ્રષ્ટિ હટાવ ને ધ્રુવમાં દ્રષ્ટિ લગાવ, કેમ કે સ્થિર વસ્તુમાં દ્રષ્ટિ સ્થિર થઈ શકશે અસ્થિર વસ્તુમાં દ્રષ્ટિ સ્થિર

ન થઈ શકે. ધ્રુવ સ્થિર વસ્તુ છે, તે પોતાના પરિણામમાં પણ આવતી નથી. તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે એટલે કે સમ્યગ્દર્શન થાય.–એમ શાસ્ત્ર–ગુરુ દિશા દેખાડે પણ કરવાનું તો એણે પોતે છે. એ સિવાય જન્મ–મરણના અંત નહીં આવે બાપુ!

પૂર્ણાનંદ પ્રભુનું જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન ન આવે–ન થાય ત્યાં સુધી શ્રદ્ધા કોની કરે? જે ચીજ જાણવામાં ન આવી તેની શ્રદ્ધા કેવી? એ શ્રદ્ધા તો ગધેડાના શીંગડા સમાન છે. તેથી જ્ઞાનમાં જે ચીજનું ભાસન થયું નથી–તે ચીજનું શ્રદ્ધાન શી રીતે કરવું? જે ચીજ–ભગવાન–પર્યાયમાં આવી નહીં એટલે કે ભગવાનનું જ્ઞાન પર્યાયમાં આવ્યું નહીં તો ભગવાનની શ્રદ્ધા કેવી રીતે થાય? જ્ઞાનમાં ભગવાન આત્મા જેવો છે તેવું ભાસન થયું નહીં તેથી ભગવાનની શ્રદ્ધા ઉદ્યોત થતી નથી અને તેથી તેમાં સ્થિરતા પણ થતી નથી. જ્યાં સુધી જ્ઞાનમાં આત્મા ન આવ્યો ત્યાં સુધી તેની શ્રદ્ધા ન થઈ તેથી ત્યાં સુધી અન્ય સમસ્ત ભાવોથી ખસીને આત્મામાં ઠરવાની અસમર્થતા છે માટે આત્મઆચરણ ઉદિત થતું નથી, તેથી સાધ્ય આત્માની સિદ્ધિ થતી નથી.

સાધ્ય આત્માની સિદ્ધિ એટલે કે પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષની સિદ્ધિ નિશ્ચય દર્શન–જ્ઞાન–ચારિત્રની જ છે, વ્યવહાર રત્નત્રયથી તેની સિદ્ધિ નથી–તેનું નામ અનેકાન્ત છે. નિશ્ચયથી સાધ્યની સિદ્ધિ છે અને વ્યવહારથી સાધ્યની સિદ્ધિ નથી તે અનેકાન્ત છે. આત્માના અનુભવથી જ અર્થાત્ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી જ સિદ્ધિ છે. દર્શન–જ્ઞાન –ચારિત્ર એ તો ભેદ પાડીને લોકોને સમજાવ્યું છે, કેમ કે લોકો ભેદથી સમજે છે પણ ખરેખર તો આત્માથી જ સિદ્ધિ થાય છે, એ સિવાય વ્યવહારની ક્રિયાકાંડથી સિદ્ધિ થતી નથી.

પદ્મનંદી આચાર્યમહારાજ બ્રહ્મચર્યનું કડક વર્ણન કરીને કહે છે કે યુવાનોને અમારી વાત ન ગોઠે તો માફ કરજો કેમ કે હું તો મુનિ છું, મારી પાસે બીજી શું અપેક્ષા રાખશો? તેમ અમે તો મોક્ષના અર્થી છીએ, તેથી મોક્ષના માર્ગની વાત કરીએ છીએ. કોઈને ન રુચે તો માફ કરજો.

અહીં કહે છે કે જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જેવી છે તેવો પ્રત્યક્ષપ્રતિભાસ પ્રથમ આવે, પછી આત્મા જેવો જાણ્યો તે હું છું એમ પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય અને પછી તેમાં –પોતાનામાં સ્થિર થાય ત્યારે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે.

# आत्मार्थी छात्रों को अपूर्व अवसर

आत्मार्थी विद्यार्थियोंके लिये जुलाई १९७७ से टोडरमल स्मारक भवनमें ऐसी व्यवस्था प्रारम्भ हो चुकी है कि जिसमें आत्मार्थी छात्र डो. हुकमचन्दजी भारिल्लके सान्निध्यमें रहकर जैनधर्मका सैद्धान्तिक अध्ययन चारों अनुयोगोंके माध्यमसे करते हैं; साथ ही आवश्यक संस्कृत, व्याकरण, न्याय आदि विषयोंका भी ज्ञान प्राप्त करते हैं। अभी १३ आत्मार्थी छात्र अध्ययन कर रहे हैं।

इस वर्ष सिर्फ १० छात्रोंको नवीन प्रवेश देना है।

उक्त छात्रोंको राजस्थान विश्वविद्यालयकी जैनदर्शन शास्त्री एवं जैनदर्शन आचार्य परीक्षायें दिलाई जाती हैं, जो क्रमशः बी० ए० और एम० ए० के बराबर सरकार द्वारा मान्यता प्राप्त हैं।

शास्त्री परीक्षामें प्रवेशके लिये वैकल्पिक विषय संस्कृत लेकर हायर सेकेण्डरी उत्तीर्ण होना आवश्यक है। जिन छात्रोंका हायर सेकेण्डरीमें वैकल्पिक विषय संस्कृत न होगा, उन्हें एक वर्षका उपाध्याय कोर्स करना होगा। आवेदन करते समय अपनी शैक्षणिक योग्यता वैकल्पिक विषयों सहित अवश्य लिखें।

शास्त्रीका कोर्स ३ वर्षका होगा। उसके बाद २ वर्षका कोर्स आचार्य परीक्षाका होगा।

आवास और भोजनकी सुविधा निःशुल्क रहेगी। हायर सेकेण्डरीके बाद तीन वर्षका शास्त्री कोर्स करने वालोंको ३५० ] और उसके बाद दो वर्षका आचार्य कोर्स करने वालोंको ५०० ] रूपये मासिक सर्विस दिलाये जानेकी गारण्टी दी जायेगी। पर उन्हें भी इस बातका बाण्ड भरना होगा कि वे ५वर्ष तक उक्त वेतनक्रम पर जहाँ संस्था कहे वहाँ सेवा करनेको तत्पर रहेंगे।

आध्यात्मिक वातावरण प्रदान करनेके लिये आदरणीय विद्वद्वर्य पं॰ खीमचन्दभाई, सिद्धांताचार्य पं॰ फूलचन्दजी वाराणसी, पं॰ लालचन्दभाई मोदी, पं॰ बाबूभाई फतेहपुर, श्री नेमीचन्दजी पाटनी आगरा, पं॰ रतनचन्दजी विदिशा, पं॰ ज्ञानचन्दजी विदिशा आदिका सान्निध्य प्राप्त होगा। डो॰ हुकमचन्दजी भारिल्ल तो यहाँ हैं हीं।

वर्षमें एक या दो बार सोनगढ भी ले जाया जायेगा। सब कुछ मिलाकर लगभग एक माहका पूज्य स्वामीजीके सान्निध्यका लाभ मिलेगा।

अतः पूरा-पूरा आध्यात्मिक वातावरण मिलेगा।

अगला सत्र जुलाई १९७८ से प्रारम्भ होगा। प्रवेशार्थी शीघ्र ही प्रार्थना-पत्र प्रेषित करें। यदि उन्हें प्रवेश योग्य समझा गया तो फिर यथासमय साक्षात्कारके लिये बुलाया जायेगा।

नैमीचन्द पाटनी
मन्त्री

## ઘાટકોપર ( મુંબઈ ) ના પ્રાંગણમાં પ્રથમવાર ઉજવાયેલો

# જન્મજયંતી મહોત્સવ

તા. ૨–૩–૭૮ ના રોજ સોનગઢથી મંગલ પ્રસ્થાન કરીને મદ્રાસ, બેંગ્લોર, હૈદ્રાબાદ, મુંબઈ અને રાજકોટમાં ધર્મશ્રવણ પિપાસુઓની તૃષા છીપાવતાં છીપાવતાં તા. ૨૫–૪–૭૮ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રી ઘાટકોપર ( મુંબઈ ) પધાર્યા હતા.

ઘાટકોપરનાં પ્રાંગણમાં પ્રથમવાર ઉજવાઈ રહેલો મંગલકારી ૮૯ મો જન્મજયંતી મહોત્સવ ઉજવતાં, હજારોની સંખ્યામાં ઉપસ્થિત સ્થાનિક તથા આગંતુક સમસ્ત મુમુક્ષુઓ, આનંદવિભોર બની ગયા હતા. રોજ સવારે તથા બપોરે ગ્રંથાધિરાજ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર થતાં પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મપ્રાપ્તિપથદર્શક પ્રવચનોનો લાભ લેવા આશરે દશ હજારની માનવમેદની એકઠી થતી હતી. તેમજ તેઓશ્રીના નિવાસસ્થાને થતી રાત્રિચર્ચામાં પણ વિશાળ જનસમુદાય જોવા મળતો હતો. શ્રી સમયસાર શાસ્ત્રની ગાથા ૩૮, ૪૯, ૧૦૯–૧૧૨, ૭૩ તથા ૭૫ ઉપર અધ્યાત્મરહસ્યોદ્‌ઘાટક પ્રવચનોનો લાભ જૈન તથા જૈનેતર ભાઈ–બહેનોને મળ્યો હતો.

તા. ૨૫–૪–૭૮ ના રોજ રાજકોટથી પૂજ્ય ગુરુદેવશ્રીની ઘાટકોપરમાં પાવન પધરામણી થતાં મહાવીરનગરમાં કેસરી સાડીમાં સુસજ્જ અને મસ્તક ઉપર કળશ ધારણ કરેલી કુમારિકાઓએ તથા સૌભાગ્યવંતી બહેનોએ વિશાળ જનસમુદાયના જય–જયકાર સાથે તેઓશ્રીનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ઘાટકોપર મુમુક્ષુ મંડળના ઉપ–પ્રમુખ શ્રી રસિકભાઈ ધોળકિયાએ મંડળ વતી સ્વાગતવ્યક્તવ્ય દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ પધરામણીને અભિવંદી હતી.

તા. ૫–૫–૭૮ ના રોજ સવારે પ્રવચન પહેલાં ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું મહાવીરનગરમાં ઉર્મિભર્યું સ્વાગત કર્યું હતું. ઘાટકોપર મુમુક્ષુ મંડળ વતી માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીએ તથા પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ હાર અર્પણ કરીને પૂજ્ય બહેનશ્રીનું બહુમાન કર્યું હતું.

તા. ૭–૫–૭૮ ના રવિવારે સવારના પ્રવચન બાદ ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ વતી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ

દોશીએ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને અભિનંદન–પત્ર અર્પણ કર્યું હતું જેનું વાંચન શ્રી લાલચંદભાઈ મોદીએ કરેલ હતું.

અભિનંદન–પત્ર અર્પણની વિધિ પહેલા શ્રી ભૂપતરાય જેચંદભાઈ દોશી–હસ્તે શ્રી નવનીતભાઈના પરિવારે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવીને બહુમાન કર્યું હતું.

## ❁ વૈશાખ સુદ બીજ ❁

વૈશાખ સુદ બીજની મંગલ સુપ્રભાતના સાડા પાંચ વાગ્યે હજારો ભક્તજનોને દર્શન દેવા જય–જયકારના શબ્દ ગુંજારવ વચ્ચે પૂજ્ય ગુરુદેવશ્રી મહાવીરનગરમાં પધારતાં વાતાવરણ એકદમ ઉલ્લસિત બન્યું હતું. ૮૯ સેન્ટીમીટરના ઉન્નત ૮૯ માનસ્થંભની હારમાળા વચ્ચેથી પસાર થઈ રહેલાં જનહિતકારી પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરતાં હજારો મુમુક્ષુઓ સાનંદ ધન્યતા અનુભવી રહ્યાં હતાં. લગભગ એક કલાક સુધી ચાલેલા મંગળ દર્શનવિધિના આ કાર્યક્રમમાં બાર હજારથી વધુ ભક્તગણે ઉમંગભેર અને ધીરજથી લાભ લીધો હતો.

૮૯ માનસ્થંભની હારમાળામાંથી મંગળ સુપ્રભાતે પસાર થઈ રહેલાં, ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીરનાં પ્રખર પ્રચારક સોનગઢના આત્મજ્ઞસંત શ્રી કાનજીસ્વામીને મુંબઈની જનતાએ ટેલીવિઝનમાં નીહાળ્યા હતા.

આ કલ્યાકારી જન્મજયંતી મહોત્સવ ઉજવવા અનેક ગામોના મુમુક્ષુ મંડળની અનેક પ્રમુખ વ્યક્તિઓ ઉપરાંત જૈન સમાજની અનેક અગ્રગણ્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ઉપસ્થિત રહી હતી. આ આનંદદાયી પ્રસંગે ઉપસ્થિત નહીં રહી શકનાર સેંકડો ગામના મુમુક્ષુઓએ તાર દ્વારા પૂજ્ય ગુરુદેવના ચરણમાં પોતાની શ્રદ્ધા–ભક્તિ વ્યક્ત કરી હતી.

સવારે પ્રવચન બાદ શ્રી ભૂપતરાય જેચંદભાઈ દોશી–હસ્તે શ્રી નવનીતભાઈના પરિવારે પૂજ્ય ગુરુદેવશ્રીને હીરાથી વધાવતા દેખીને મુમુક્ષુઓને હૈયે આનંદ સમાતો ન હતો.

ઘાટકોપર મુમુક્ષુ મંડળ વતી મંડળના પ્રમુખ શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશીએ પૂજ્ય ગુરુદેવશ્રીને અભિનંદન–પત્ર અર્પણ કર્યું હતું જેનું વાંચન શ્રી લાલચંદભાઈ મોદીએ કર્યું હતું.

અભિનંદન સમારોહના મુખ્ય અતિથિવિશેષ શેઠ શ્રી શાહૂ શ્રેયાંસપ્રસાદ જૈન તથા અતિથિવિશેષ શેઠ શ્રી જયચંદજી લોહાડિયા હતા. સકલ જૈન સમાજ વતી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે શ્રદ્ધાસુમન સમર્પિત કરવા પોતાનું વક્તવ્ય રજુ કરનારા વક્તાઓ મુખ્યતઃ

આ પ્રમાણે હતાઃ શેઠ શ્રી શાહૂ શ્રૈયાંસપ્રસાદજી જૈન, શ્રી જયચંદજી લોહાડિયા, શ્રી બાબુભાઈ મહેતા ( ફતેપુર ), શ્રી ધીરુભાઈ શ્રોફ, શ્રી જ્ઞાનચંદજી ( વિદિશા ), શ્રી ભરત ચક્રવર્તી ( મદ્રાસ ), શ્રી ચીમનલાલભાઈ મોદી, શ્રી હીરાભાઈ ( દહેગામ ), શ્રી પ્રાણભાઈ કામદાર, શ્રી રસિકભાઈ ધોળકીયા, શ્રી રસિકભાઈ ડગલી તથા શ્રી નગીનભાઈ ડગલી. આ સિવાય અનેક અગ્રગણ્ય મહાનુભવો પણ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ પોતાની ભક્તિ વ્યક્ત કરવા આતુર હોવા છતાં સમયના અભાવે તેમ થઈ શક્યું ન હતું.

પાવનકારી ૮૯ મી જન્મજયંતી મહોત્સવના ઉપલક્ષમાં અનેક ૮૯ રૂપિયાની રકમો જાહેર કરીને મુમુક્ષુગણે પોતાની ભક્તિની અભિવ્યક્તિ કરી હતી.

ભાઈ શ્રી ચીમનલાલ હિંમતલાલ સ્ટીલવાળા તરફથી અર્ધી કિંમતે પુસ્તકોનું વેચાણ રાખવામાં આવ્યું હતું.

શ્રી કુંદકુંદ કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટે આત્મધર્મ ( ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ તથા તામિલ ) ની આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧ ને બદલે રૂા. ૭૬ જાહેર કરી હતી.

દરરોજ બન્ને સમયના પ્રવચન પહેલાં શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન ભજન–મંડળી ( ઘાટકોપર ) પોતાની આગવી શૈલી દ્વારા ભજનભક્તિના વિશેષ કાર્યક્રમ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે પોતાની ભક્તિ વ્યક્ત કરીને તથા વિવિધ નાટકો રજૂ કરીને જનસમુદાયની પ્રશંસા પામી હતી. જન્મજયંતીના ઉપલક્ષમાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિ વ્યક્ત કરતાં ભજનોની તથા તેઓશ્રી દ્વારા ઉપદિષ્ટ સનાતન સત્યને આવરી લેતાં ભજનોની ‘ચિંતન’ નામની કેસેટ બહાર પાડી હતી.

એ રીતે અનેકવિધ ઉત્સાહભર્યા કાર્યક્રમો દ્વારા પરમ પૂજ્ય શ્રી ગુરુદેવની ૮૯ મી જન્મજયંતી ઘાટકોપર ( મુંબઈ ) ના પ્રાંગણે હજારો ભક્તોની ઉપસ્થિતિમાં અતિ ઉલ્લાસથી ઉજવાઈ હતી.

નાઈરોબી ( આફ્રિકા ) માં ભગવાન શ્રી મહાવીરસ્વામી દિગંબર જિન મંદિરનો શિલાન્યાસ વિધિ જેઠ સુદ ૧૧ને શનિવારના રોજ શ્રી લાલચંદભાઈ મોદી તથા શ્રી બાબુભાઈ મહેતા ( ફતેપુર ) ની ઉપસ્થિતિમાં નાઈરોબી નિવાસી શ્રી રાયચંદભાઈ દેવનના શુભ હસ્તે થશે.

# જન્મધામ ઉમરાળા ગામ

દશ વર્ષના લાંબા સમય બાદ, આ ભારતવર્ષના અજોડ અધ્યાત્મયુગપ્રવર્તક આત્મજ્ઞસંત પૂજ્ય કાનજીસ્વામી પોતાની જન્મભૂમિ ઉમરાળા ગામે ચાર દિન પધારવાના સમાચાર માત્રથી ઉમરાળાની સમસ્ત જનતામાં તથા આજુબાજુના અનેક ગામડામાં ઉલ્લાસ ભર્યું વાતાવરણ સર્જાયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૨૭ મે થી ૩૦ મે સુધી જન્મધામ ઉમરાળા ગામમાં બિરાજવાના હોવાથી, માત્ર જૈનોએ જ નહીં પરંતુ સમસ્ત ગ્રામજનોએ, તેઓશ્રીના આગમનને વિશેષમાં વિશેષ આદર સત્કાર અને ઉમળકા પૂર્વક સન્માનવા માટે તા. ૨૪–૫–૭૮ ના રોજ ગામના પ્રમુખ વેપારીઓ તથા અગ્રગણ્ય વ્યક્તિઓની એક મીટિંગ ભરીને તા. ૨૬–૫–૭૮ના રાત્રે એક વિશાળ ગામસભાનું આયોજન કરાયું હતું. જેમણે આ ગામની રજેરજને પવિત્ર બનાવી છે એવા અધ્યાત્મયોગી પૂજ્ય શ્રી કાનજીસ્વામીના આગમનનું ભવ્ય સ્વાગત કરવાનું આખા ગામનો ધાર્મિક મહોત્સવ હોય તે રીતે દરેક હિન્દુ જ્ઞાતિએ તેમજ મુસ્લિમ જ્ઞાતિએ આ સભામાં ઠરાવ કર્યો હતો.

બરાબર ૮૮ વર્ષને ૧૮ દિન પહેલાં વૈશાખ સુદ બીજના દિવસે ઉમરાળામાં જન્મેલા ને બાળપણના ૧૩ા વર્ષ ઉમરાળામાં વીતાવનારા મહાન ધર્મપ્રભાવક પૂજ્ય ગુરુદેવશ્રીનું ગામની સકલ જનતા દ્વારા તા. ૨૭–૫–૭૮ ના સવારે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મુસ્લિમ જ્ઞાતિ સહિત ગામની લગભગ ૧૮ જેટલી મુખ્ય જ્ઞાતિઓએ સ્વાગતમાર્ગમાં ઠેર ઠેર સુશોભિત કમાનો ઊભી કરી હતી. સ્વાગતયાત્રામાં ભાગ લેવા સવારના છ વાગ્યામાં આજુબાજુના ગામડાના તથા ઉમરાળાના ગામજનો મુખ્યચોકમાં એકત્રિત થવા લાગ્યા હતા. કેસરી સાડી તથા મસ્તક ઉપર શ્રીફળ–કળશ ધારણ કરેલી અનેક જ્ઞાતિઓની ૮૯ કુમારિકાઓ તથા સૌભાગ્યવંતી બહેનોએ પોતાના ગામમાં જન્મીને ગામને ઉજાળનારા તથા લૌકિક નાતે ગામના ભાણેજ એવા પૂજ્ય ગુરુદેવની પાવન પધરામણીને ખૂબ જ ભક્તિભાવે વધાવી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ–અમૃત વાણીનું પાન કરવા આવેલા ગામજનોની વિશાળ હાજરીથી આદિનગર મંડપ નાનો પડતો હતો. ગામના માણસોના હૃદયમાં એક જ વાત રમતી હતી કે આ તો અમારા મહારાજ પધાર્યા છે. ગામમાં ધાર્મિક વાતાવરણ

સર્જાયું હતું. પ્રવચનો તથા રાત્રિચર્ચાનો પૂરો લાભ લેવા ઉપરાંત ગામના જૂના જૂના માણસો પૂજ્ય ગુરુદેવ પાસે આખો દિવસ આવતા રહેતા હતા ને પૂજ્ય ગુરુદેવ જૂના સંસ્મરણો યાદ કરતાં હતાં જે સાંભળીને મુમુક્ષુઓ અતિ પ્રમોદિત થતા હતા.

તા. ૨૮–૫–૭૮ ના રોજ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પધારતાં આદિનગરમાં તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કરતાં, અહીંની ગ્રામજનતા વતી પટેલ જીવાભાઈએ કહ્યું હતું કે આપણા ગામમાં ધર્મરત્ન પાકયું ત્યારે તો આ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સામે ચાલીને આપણને આશીર્વાદ દેવા ઉમરાળા પધાર્યા છે–વિગેરે ઉર્મિશીલ શબ્દો દ્વારા તેમણે તથા અહીંના સરપંચ શ્રી અમરસીભાઈએ તેમજ અહીંના મુમુક્ષુ સમાજ વતી પાલેજવાળા શ્રી મનસુખલાલ કુંવરજીભાઈએ સ્વાગત વક્તવ્ય દ્વારા પૂજ્ય બહેનશ્રીનું બહુમાન કર્યું હતું. શ્રી જીવાભાઈ, સરપંચ શ્રી અમરસીભાઈ, સામાજીક કાર્યકર શ્રી પ્રતાપભાઈ કીકાણી, ગામના આગેવાન ભાઈ–બહેનો તથા મુમુક્ષુ મંડળના ભાઈ–બહેનોએ સુખડના હાર અર્પણ કરીને પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ પોતાના ભક્તિભાવની અભિવ્યક્તિ કરી હતી.

જન્મધામમાં પૂજ્ય બહેનશ્રીબેને ખૂબ જ ભક્તિ કરાવી હતી તથા બહેનોએ રાસ–ગરબા લઈને ઘણી ભક્તિ કરી હતી. બહારગામથી સેકડો મુમુક્ષુઓ પવિત્ર ભૂમિ જન્મધામના દર્શનનો ને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેવા આવ્યા હતા.

તા. ૩૦–૫–૭૮ ના પ્રવચન બાદ એક ભવ્ય જુલૂસ કાઢવામાં આવ્યું હતું. ખૂબ શણગારેલા આખા ગામમાં પૂજ્ય ગુરુદેવશ્રી સહિત જુલૂસ ફર્યું હતું. જુલૂસ યાત્રા દરમિયાન ગામના ભાઈઓએ તથા ગામની બહેનોએ રસ્તામાં રાસ–ગરબા–ભક્તિની ધૂન મચાવીને પોતાના મહારાજશ્રી પ્રત્યે ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

એ રીતે ચાર દિવસ ઉમરાળા ગામમાં ધાર્મિક મહોત્સવ ઉજવવાનો અણમૂલો અવસર ઉમરાળાની ગ્રામજનતાએ માણ્યો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીના રાજકોટના પંદર દિવસના મુકામ દરમિયાન તા. ૨૩–૪–૭૮ ના સવારે પ્રવચન બાદ જિનમંદિરના પ્રાંગણમાં શ્રી માનસ્થંભજીની સન્મુખ ભગવાન શ્રી કુંદકુંદદેવના ચરણચિહ્નની સ્થાપના વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર કરકમળ દ્વારા કરાવવાનો લાભ બ્ર. શારદાબેન જયસુખલાલ સંઘાણી તથા શ્રી દામોદર ચત્રભુજ લાખાણીના કુટુંબીજનોને મળ્યો હતો.

મદ્રાસ શહેરમાં પૂજ્ય ગુરુદેવની મંગલછાયામાં પંચકલ્યાણક પૂર્વક પ્રતિષ્ઠિત થયેલા શ્રી વાસુપૂજ્ય ભગવાનના જિનપ્રતિમા મોરબી પધારતાં સંઘે સ્વાગત કર્યું હતું તથા જિન મંદિરને ૨૫મું વર્ષ બેસતું હોવાથી ફાગણ વદ દસમથી ચૈત્ર સુદ બીજ સુધી આઠ દિવસનો જિન મહિમાનો મંગલ ઉત્સવ ઉલ્લાસથી ઊજવ્યો હતો.

## વૈરાગ્ય સમાચાર :–

બોટાદનિવાસી નાનાલાલભાઈ હરજીવનદાસ (વર્ષ ૮૦) મહા વદી ૧૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને ધર્મ પ્રત્યે તથા ગુરુદેવશ્રી પ્રત્યે ઘણી ભક્તિ હતી.

રાજકોટનિવાસી ડો. નવરંગભાઈ મોદીના માતુશ્રી વૃજકુંવરબેન (વર્ષ ૮૭) તા. ૯–૪–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપશામક વાણીનો લાભ લેતા હતા. તેમને દેવ–શાસ્ત્ર–ગુરુ તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ દ્રઢ શ્રદ્ધાભક્તિ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીના આદ્ય આગેવાન ભક્ત, રાજકોટનિવાસી સ્વ. નાનાલાલ કાલીદાસ જસાણીના ધર્મપત્ની જડાવબેન જસાણીનો ૮૮ વર્ષની ઉંમરે તા. ૧૫–૪–૭૮ ના મુંબઈ મુકામે દેહ વિલય થયો છે.

પૂજ્ય કૃપાળુ ગુરુદેવશ્રી સં. ૧૯૯૫ માં નવ મહિના તથા ૧૯૯૯ માં રાજકોટ નવ મહિના તેમના મકાનમાં રહ્યા ત્યારથી અનન્ય ભક્તિ ભાવથી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ તેઓ લેતા હતા. સોનગઢ સં. ૧૯૯૭ માં પૂજ્ય ગુરુદેવશ્રીની છત્ર છાયામાં પહેલું દિગંબર જૈન મંદિર તેમના કુટુંબ તરફથી બંધાયું તેમાં તેમની પ્રેરણા અને હિસ્સો મોટો હતો. તેઓ ખૂબ રુચિ અને ભક્તિભાવથી દરેક ધાર્મિક પ્રસંગોમાં આગળ પડતો ભાગ લેતા હતા. સં. ૧૯૯૭ માં સોનગઢ મંદિરની પ્રતિષ્ઠા, સં. ૨૦૦૬માં રાજકોટ મંદિરની પ્રતિષ્ઠા અને સં. ૨૦૦૯ માં સોનગઢ માનસ્થંભની પ્રતિષ્ઠા પ્રસંગે ભગવાનના માતા પિતા તરીકે ખૂબ ઉલ્લાસ અને ભક્તિભાવથી ભાગ લીધો હતો. સ્વ. નાનાલાલભાઈ અને તેઓ સોનગઢ વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલવર્ધિની છાયામાં રહ્યા હતા. સ્વ. નાનાલાલભાઈના દરેક ધાર્મિક તેમજ સામાજીક કાર્યમાં તેઓ ખૂબ ઉત્સાહથી સાથ આપતા હતા.

ઉમરાળાનિવાસી (હાલ મુંબઈ) શ્રી વીરચંદભાઈ પ્રાગજીભાઈ મહેતાના ધર્મપત્ની કમળાબેન (વર્ષ ૬૨) તા. ૨૨–૪–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી પૂજ્યશ્રીની અધ્યાત્મવાણીનો લાભ લેતા હતા. તેમને દેવ–શાસ્ત્ર–ગુરુ તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.

પોરબંદરનિવાસી મુમુક્ષુ ભાઈશ્રી વિનોદચંદ્ર અમૃતલાલ ઢાંકી (વર્ષ ૪૩) સ્વર્ગવાસ પામ્યા છે. દેહ વિલયની અંતઘડી સુધી સત્શાસ્ત્રનું શ્રવણ–મનન–ચિંતન કરતાં કરતાં શાંતિપૂર્વક દેહ છોડયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનનો તેઓ અવારનવાર લાભ લેતા હતા. દેવ–ગુરુ–ધર્મ તેમજ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે તેમને ઘણી ભક્તિ હતી.

કોથલીનિવાસી ભાઈશ્રી કેશરીચંદ ધવલજી (વર્ષ ૩૫ લગભગ)તા. ૧૭–૫–૭૮ ના રોજ સવારે એકાએક હૃદયગતિ બંધ થઈ જવાથી નાગપુરમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ

તત્ત્વઅભ્યાસી હોવા ઉપરાંત વિદ્વત્ વાંચનકાર પણ હતા. સોનગઢમાં ગત શિક્ષિણ શિબિર દરમ્યાન તેઓએ પૂજ્યશ્રીના પ્રવચનનોનો લાભ લીધો હતો. તેમને વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ તેમજ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે દ્રઢ શ્રદ્ધાભક્તિ હતા.

લીંબડીનિવાસી સ્વ. શેઠ મનસુખલાલ ગુલાબચંદ ચશ્માવાળાના પુત્રી કાંતાબેન (વર્ષ ૫૬) હેમરેજની ટૂંકી બિમારીથી તા. ૨૫-૫-૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.

સદ્ગત આત્માઓ દેવ-ગુરુ-ધર્મના પ્રતાપે આત્મોન્નતિ પામો.

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

(આજીવન સભ્ય ફી: રૂા. ૧૦૧=૦૦ ❀ ગતાંકથી ચાલુ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૨૬ | શ્રી મહેન્દ્ર એચ. શેઠ | બેંગ્લોર | ૬૪૫ | શ્રી દિ. જૈન. સ્વા. મંદિર ટ્રસ્ટ | મદ્રાસ |
| ૬૨૭ | શ્રી હરકિશન કાંતિલાલ બારૈયા | જામનગર | ૬૪૬ | શ્રીમતિ ચંદનબેન બી. શાહ | મુંબઈ |
| ૬૨૮ | શ્રી નંદલાલ રાયચંદભાઈ ગાંધી | મુંબઈ | ૬૪૭ | શ્રી ઘડીયા ચંદુલાલ સોયાલાલ | બાચણવાડ |
| ૬૨૯ | શ્રી સૂર્યકાંત મફતલાલ કામદાર | મુંબઈ | ૬૪૮ | શ્રી છબીલદાસ શીવલાલ ગાંધી | અમદાવાદ |
| ૬૩૦ | શ્રી જસવંતરાય અમીચંદ મણીયાર | મુંબઈ | ૬૪૯ | શ્રી વિનોદરાય ચુનીલાલ વોરા | જામનગર |
| ૬૩૧ | શ્રી નલીનભાઈ રામજીભાઈ દેસાઈ | મુંબઈ | ૬૫૦ | શ્રી હિંમતલાલ ઉજમશી જૈન | મુંબઈ |
| ૬૩૨ | શ્રી વાડીલાલ જગજીવન પારેખ | મુંબઈ | ૬૫૧ | શ્રી ચંદુલાલ મગનલાલ દવાવાળા | મુંબઈ |
| ૬૩૩ | શ્રી વૃજલાલ જગજીવન પારેખ | મુંબઈ | ૬૫૨ | શ્રી દિ. જૈન સંઘ | સુરેન્દ્રનગર |
| ૬૩૪ | શ્રીમતિ રેખાબેન અરુણકુમાર શાહ | યુ.એસ.એ. | ૬૫૩ | શ્રીમતિ શાંતાબેન શાંતિલાલ શાહ | મુંબઈ |
| ૬૩૫ | શ્રીમતિ હંસા દિનેશ દયાલી | યુ. એસ. એ. | ૬૫૪ | શ્રીમતિ કંચનબેન પુનમચંદ ગુહ્યા | મુંબઈ |
| ૬૩૬ | શ્રી શાંતિલાલ ઠાકરશી મોદી | મુંબઈ | ૬૫૫ | શ્રી મનસુખલાલ ડાહ્યાભાઈ શાહ | લીંબડી |
| ૬૩૭ | શ્રી અમુલખભાઈ બાવચંદભાઈ | જોરાવરનગર | ૬૫૬ | શ્રી મનસુખલાલ જે. બોટાદરા | મુંબઈ |
| ૬૩૮ | શ્રી અશોકકુમાર ભાનુકુમાર | ભાવનગર | ૬૫૭ | શ્રી હિંમતલાલ હરીલાલ શાહ | મુંબઈ |
| ૬૩૯ | શ્રી પ્રાણલાલ ત્રિભોવનદાસ ખારા | રાજકોટ | ૬૫૮ | શ્રી ધીરૂભાઈ ડી. સપાણી | મદ્રાસ |
| ૬૪૦ | શ્રી ચાંદમલજી શરદકુમાર જૈન | ઉજ્જૈન | ૬૫૯ | શ્રી બાલુભાઈ ઓધવજી | કલકત્તા |
| ૬૪૧ | શ્રી સંજીવકુમાર પ્રવીણભાઈ મહેતા | મુંબઈ | ૬૬૦ | શ્રી ચંદુલાલ મેઘાણી | કલકત્તા |
| ૬૪૨ | શ્રી દેવેન્દ્ર પ્રાણલાલ પારેખ | મુંબઈ | ૬૬૧ | શ્રી ઝવેરચંદભાઈ ટી. વોરા | કલકત્તા |
| ૬૪૩ | શ્રી ઈલેકટ્રો ઈન્ડસ્ટ્રીઝ પ્રા લિ. | વડોદરા | ૬૬૨ | શ્રી ગુલાબચંદ એન. વોરા | કલકત્તા |
| ૬૪૪ | શ્રી અલ્પેશકુમાર અનુભાઈ શાહ | અમદાવાદ | | | |

(ક્રમશઃ)

# ❁ મારે ઝટ સોનગઢ જવું છે ❁

**લક્ષ્મીચંદભાઈ ( ધરમચંદભાઈને ) :** કેમ ભાઈ! એકાએક ક્યાં જવાની તૈયારી કરો છો?

**ધરમચંદભાઈ:** વહેલામાં વહેલી તકે સોનગઢ જવાની તૈયારી કરી રહ્યો છું.

**લક્ષ્મીચંદભાઈ:** કેમ કેમ! હજુ હમણા જ તો પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો ઘણો લાભ લીધો છે ને વળી અત્યારે તો આપણા ધંધાની મોસમ છે.

**ધરમચંદભાઈ:** અરે ભાઈ! અત્યારે તો સોનગઢમાં અપૂર્વ મોસમ શરૂ થઈ છે, ધંધાની મોસમ તો વરસોવરસ આવી ને ગઈ, આ તો સોનગઢમાં અલૌકિક મોસમ શરૂ થઈ છે.

**લક્ષ્મીચંદભાઈ:** ભાઈ, કાંઈક સમજાય એમ બોલો તો સારું.

**ધરમચંદભાઈ:** ભગવાન શ્રી કુંદકુંદદેવ વિરચિત આ ભરતક્ષેત્રના અદ્વિતીય જગતચક્ષુ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર સભામાં ૧૯મી વખત તથા ભારતવર્ષની અદ્ભૂત વ્યક્તિ ધર્મરત્ન પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અનુભવથી તરબોળ એવા ‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો શરૂ થયા છે. આવો અપૂર્વ અવસર–આવી અપૂર્વ મોસમ સોનગઢમાં ચાલી રહી છે તેથી હું ઝટ સોનગઢ જવાની તૈયારી કરી રહ્યો છું.

**લક્ષ્મીચંદભાઈ:** ઓહોહો! એમ વાત છે ત્યારે! તો તો ભાઈ ચાલ હું પણ તારી સાથે જ સોનગઢ આવવાની તૈયારી કરું.

**ધરમચંદભાઈ:** વાહ ભાઈ વાહ! આપણે સૌએ ઝટ સોનગઢ જઈને આવા અપૂર્વ અવસરનો લાભ લઈ લેવા જેવું જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય સારું છે, હાલ ભાવનગરમાં બિરાજી રહ્યાં છે. ૯૫ દિવસના પ્રવાસ બાદ તેઓશ્રી તા. ૬–૬–૭૮ ના રોજ સોનગઢ પધારશે. સોનગઢમાં શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર સભામાં ૧૯ મી વખત તથા ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનો આપશે. ( તા. ૩૧–૫–૭૮ )

કુરાવડ ( જિલ્લો–ઉદેપુર ) માં પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ આનંદોલ્લાસ પૂર્વક ઉજવાયો. વિધિનાયક શ્રી પાર્શ્વનાથસ્વામીના જીવનના ભાવવાહી પ્રસંગોથી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના ભવછેદક આધ્યાત્મિક પ્રવચનોથી ઘણી પ્રભાવના થઈ હતી.



મહાવીરનગર (ઘાટકોપર) માં હજારો જનસમુદાયના હર્ષનાદના ગુંજારવ સાથે શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના પ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ સકલ જૈનસમાજ વતી ધર્મરત્ન પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બેનશ્રી ચંપાબેનનું સન્માન કરી રહ્યા છે.



ઘાટકોપરના પ્રાંગણમાં પ્રથમવાર ઉજવાયેલા ૮૯મી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે અભિનંદન સમારોહના મુખ્ય અતિથિવિશેષ શેઠ શ્રી શાહૂ શ્રેયાંસપ્રસાદ જૈન પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રતિ પોતાના ભક્તિપુષ્પો સમર્પિત કરી રહ્યા છે.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૪, જૂન ( લવાજમ છ રૂપિયા ) વર્ષ ૩૫ઃ અંક ૭



પ્રકાશકઃ શ્રી દિગંબરજૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પીનઃ ૩૬૪૨૫૦

મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૫૦૦